આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

NAMO 4VIKSIT BHARAT
@ VADODARA



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ હસ્તે વડોદરા ખાતે
₹ ૩૫,૨૦૦ કરોડથી વધુના
જન-કલ્યાણકારી- બહુઉદ્દેશી વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

તારીખ : ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ | સમય: સવારે ૧૦:૩૦ વાગે

સ્થળ: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ગ્રાઉન્ડ , વડોદરા

માનનીય વડાપ્રધાનશ્રીને "સ્વચ્છતા થી સ્વાગત" થકી આવકારે છે ગુજરાત

લોકાર્પણ

વડોદરા-પૂર્વના ૧.૧૦ લાખ નાગરિકોને પીવાનું પાણી મળતાં આરોગ્ય અને જીવનધોરણ ઉન્નત બનશે

આજવા ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતા ધરાવતા નવા જળ ઈન્ટેકથી ભવિષ્યની જરૂરિયાત પૂરી થશે

ખાનપુર સેવાસી ખાતે ૨૭૦ નવાં આવાસથી ઘરનું સ્વપ્ન થયુ સાકાર.

ભરુચ જિલ્લામાં જંબુસર-ટંકારી-દેવના રોડના પુન: બાંધકામથી માળખાગત સુવિધામાં વધારો થશે

મહીસાગર જિલ્લામાં કડાણા ડેમ પર ૧૧૦ મે.વો. ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટથી ગ્રીન ગ્રોથને વધુ ગતિ મળશે

વડોદરાથી ટાંડા રોડ (મધ્ય પ્રદેશ) વચ્ચે નવી ટ્રેનની શરૂઆતથી કનેક્ટિવિટી વધશે

ખાતમુહૂર્ત

રિંગ રોડ ફેઝ-૨ અંતર્ગત ૧૭.૫૯ કિ.મી. રોડ બનશે, જેનાથી નાગરિકોની સફર વધુ સુવિધાજનક બનશે

વિશ્વામિત્રી નદી ઊંડી કરવાના કામનું ખાતમુહૂર્ત

મહાનગરપાલિકાના નવા વહીવટી ભવનથી નાગરિકોને જનસુવિધાઓ સરળતાથી મળશે

વડોદરા રેલવે સ્ટેશનનાં પ્લેટફોર્મ નં. ૭ પર બુલેટ ટ્રેન સ્ટેશનના થકી શહેરને મળશે હાઈ-સ્પીડ કનેક્ટીવિટી

આજવા સફારી પાર્ક અને કમાટી બાગમાં મગર આકારનો પુલ આપશે વડોદરાને નવી વૈશ્વિક ઓળખ.

"વડોદરાનો આ સર્વાંગી વિકાસ એ માત્ર એક શહેરની પ્રગતિ નથી, પરંતુ તે ગુજરાતની ગતિ અને 'વિકસિત ભારત' ના ભવિષ્યની મજબૂત આધારશિલા છે."

હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



GUJARAT'S GROWTH
INDIA'S FUTURE.

## ગારખડી મૂર્તિ ખંડિત મામલે શાંતિ જાળવવા ખ્રિસ્તી સમાજના આગેવાનો મેદાને

### ડાંગ જિલ્લાનાં રાજકીય-સામાજિક આગેવાનોએ કલેક્ટરને આવેદન આપી નિષ્પક્ષ તપાસની માંગ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૭ :** ડાંગ જિલ્લાના ગારખડી ગામ નજીક સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટનાને પગલે ઊભા થયેલા વિવાદ વચ્ચે જિલ્લામાં શાંતિ,સલામતી અને સામાજિક ભાઈચારો જળવાઈ રહે તે માટે ખ્રિસ્તી સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય અને સામાજિક સંગઠનોના આગેવાનો આગળ આવ્યા છે. આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર મામલે નિષ્પક્ષ અને કાયદેસરની તપાસ કરવાની સાથે શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવા અપીલ કરી છે.ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમાં આવેલા સીતાવન ખાતે અજાણ્યા ઈસમ દ્વારા ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવામાં આવી હોવાની ઘટના સામે આવ્યા બાદ હિન્દૂ સમાજ દ્વારા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. બીજી તરફ, પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે .આ દરમિયાન બીટીટીએસ પાર્ટીના પ્રમુખ, બીએસપીના પ્રમુખ સહિતના રાજકીય અને સામાજિક આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડનારી ઘટનાની નિંદા કરી હતી.

સાથે જ, હિન્દૂ સાધ્વી યશોદા દીદી દ્વારા કથિત રીતે કરવામાં આવેલા ભડકાઉ ભાષણ અંગે પણ યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આગેવાનોએ જણાવ્યું હતું કે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટના દુઃખદ અને નિંદનીય છે. પોલીસ તપાસમાં જે કોઈ વ્યક્તિ આરોપી સાબિત થાય તેની સામે કાયદા મુજબ કાર્યવાહી થવી જોઈએ. જોકે, તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ ચોક્કસ સમાજ કે ધાર્મિક સંગઠન સામે આક્ષેપો કરવામાં ન આવે અને સમગ્ર મામલે સંયમ જાળવવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે. પોલીસની તપાસ પૂર્ણ થાય તે પહેલાં આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થતાં ડાંગમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તમામ સમાજના આગેવાનો, રાજકીય-સામાજિક સંગઠનો તેમજ વહીવટી તંત્રની ભૂમિકા મહત્વપૂર્ણ બની છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી સત્ય બહાર લાવવામાં આવે અને દોષિત સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી છે.

### ભારત આદિવાસી સંવિધાન સેનાની કલેક્ટરને રજૂઆત

## ડાંગમાં ભડકાઉ ભાષણ મામલે સાધ્વી યશોદા દીદી સામે કાર્યવાહી કરવા માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૭ :** ડાંગ જિલ્લામાં સીતાવન, ઝરી/વાડયાવન અને સુબીર ખાતે મૂર્તિઓ ખંડિત થવાની ઘટના બાદ શાંતિ અને એકતા ડહોળાય તેવા પ્રયાસો સામે ‘ભારત આદિવાસી સંવિધાન સેના’ દ્વારા જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગત તારીખ ૩૧/૦૮/૨૦૨૬ના રોજ કલેક્ટર કચેરીના પટાંગણમાં સાધ્વી યશોદા દીદી દ્વારા ધર્મના નામે દુષ્પ્રેરણા ફેલાવી, ઉશ્કેરણીજનક પ્રવચન આપી ખ્રિસ્તી અને મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આ પ્રકારના નિવેદનોથી લોકોમાં ભયનો માહોલ ઊભો થયો છે.આવેદનપત્રમાં વધુમાં જણાવાયું છે કે, તાત્કાલિક આ ઘટનાના આરોપીને પકડવામાં નહીં આવે તો ડાંગમાં અમે ખ્રિસ્તી અને મુસ્લમાનોના એક પણ ચર્ચ/મસ્જિદ રહેવા દઈશું નહીં તેવું કથિત ભાષણ સાધ્વી દ્વારા આપવામાં આવ્યું હતું. સંસ્થાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ તમામ ધર્મોનું સન્માન કરે છે અને મૂર્તિ ખંડિત કરનાર મૂળ ગુનેગારો સામે કાયદેસરની તપાસ અને કાર્યવાહી થાય તેનું સંપૂર્ણ સમર્થન કરે છે. આગેવાનોના જણાવ્યા મુજબ, આ પ્રકારનું પ્રવચન ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૯૬ અને ૨૯૯ નું સીધું ઉલ્લંઘન કરે છે. આ ઉપરાંત, નામદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ હેટ સ્પીચના કિસ્સામાં સ્થાનિક કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા સુઓ-મોટો કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી છે. તેથી, ડાંગ જિલ્લામાં શાંતિ, પ્રેમભાવ અને કોમી એકતા જળવાઈ રહે તે હેતુથી સાધ્વી યશોદા દીદી સામે હેટ સ્પીચ બદલ ગુનો નોંધી ત્વરિત અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

## ઉનાઈમાં ગોવિંદ-લાલાના પારણાં સાથે ભવ્ય રેલી નિકળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૭ :** ઉનાઈ માતાજીના પવિત્ર પટાંગણમાં આવેલ રામજી મંદિર ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ભવ્ય અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમી નિમિત્તે મંદિર ખાતે ૨૪ કલાક ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ગામજનો ઉપરાંત માતાજીના દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ જોડાયા હતા.

રાત્રે ૧૨ કલાકે ભગવાન શ્રીકૃષ્ણના જન્મસમયે મોટી કેક કાપી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ‘જય શ્રીકૃષ્ણ’ના જયઘોષથી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ઉપસ્થિત ભક્તો માટે પ્રસાદની



વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જન્માષ્ટમીના બીજા દિવસે ઉનાઈ માતાજી મંદિરથી ગોવિંદ-લાલાના પારણાં સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના યુવાનો દ્વારા બપોરે ૧૨ કલાકથી મોડી સાંજ સુધી ગામની વિવિધ ગલીઓ અને વિસ્તારોમાં દહીંહાંડી એટલે કે મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ સ્થળોએ મટકી બાંધી યુવાનોની ટોળીઓએ ઉત્સાહભેર મટકી ફોડી જન્માષ્ટમીની ઉજવણી કરી હતી.

‘ગોવિંદા આલા રે’ અને ‘જય શ્રીકૃષ્ણ’ના જયઘોષથી સમગ્ર ગામ કૃષ્ણમય બની ગયું હતું. વિવિધ સ્થળોએ દહીંહાંડીના કાર્યક્રમો બાદ ગોવિંદ-લાલાની રેલીનું ઉનાઈ માતાજી મંદિર ખાતે ભવ્ય સમાપન કરવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, શ્રદ્ધા, પરંપરા અને યુવાનોના ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. વાંસદા પોલીસ સ્ટેશનના PI જે.વી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓએ જરૂરી બંદોબસ્ત ગોઠવ્યો હતો,

જેના કારણે સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયો હતો.

## બીલીમોરા ઈન્ટરનેશલ સ્કુલનું શિક્ષક દિને સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૭ :** શિક્ષક દિન નિમિત્તે નવસારી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાયેલી બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવનાર શાળાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કરનાર બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.



બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી આ નોંધપાત્ર સિદ્ધિ વિદ્યાર્થીઓની અથાગ મહેનત, આદરણીય પ્રિન્સિપાલ કૃપા પરમારના માર્ગદર્શન, સમગ્ર શિક્ષકમિત્રોની નિષ્ઠા તથા વાલીઓના સતત સહકારનું પરિણામ હોવાનું શાળા પરિવાર દ્વારા જણાવાયું હતું.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓ તથા વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વિદ્યાર્થીઓની સર્વાંગી પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલે ભવિષ્યમાં પણ આવી અનેક સિદ્ધિઓ હાંસલ કરવાની પ્રતબદ્ધતા વ્યક્ત કરી હતી.



સુપ્રસિદ્ધ શ્રીતીર્થ નાન્ધઈ-ભૈરવીના શ્રી ગુપ્તેશ્વર સંકુલમાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તિ વિરાજીત છે જ્યાં ગોકુળાષ્ટમી જન્મોત્સવ અખંડ ભજન સંકીર્તન સાથે ઉજવાયો હતો. નજીકના ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ શ્રાવણી છેલ્લા શનિવાર નિમિત્તે અખંડ ભજન સંકીર્તન યોજાયુ, જ્યાં રવિવારે સપ્તાહવિરામ બાદ સૌને મહાપ્રસાદ વિતરિત થયો હતો.

## નવનાથધામના શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૭ :** દેવસર સ્થિત નવનાથ ધામ ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય છોટેદાદાના પાવન સાનિધ્યમાં યોજાયેલા મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

જન્માષ્ટમીને લઈને વહેલી સવારથી જ નવનાથ ધામ ભક્તિમય બની ગયું હતું. મંદિર પરિસરમાં અખંડ ધૂન, ભજન-કીર્તન તથા સંગીતના કાર્યક્રમો યોજાયા હતા. રાત્રિના સમયે મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ વચ્ચે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો. મધ્યરાત્રિએ યોજાયેલી વિશેષ જન્મોત્સવ આરતીમાં હજારો શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. શ્રીકૃષ્ણ જન્મ પ્રસંગે હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી ના નાદથી સમગ્ર નવનાથ ધામ ગુંજી ઉઠ્યું હતું.

મહોત્સવ અંતર્ગત રાસ-ગરબા, સંગીત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમોની શ્રેણીમાં ૨૨મા સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે અવિહોત્ર નારાયણના અવતાર ‘વટસિદ્ધ નાગનાથ’ પર આધારિત પૂજ્ય છોટેદાદા રચિત આધ્યાત્મિક નાટકનું વિશેષ મંચન કરવામાં આવ્યું હતું. નાગનાથની આધ્યાત્મિક યાત્રા અને તેમના જીવનસંદેશને રજૂ કરતું આ નાટક નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. સ્થાનિક કલાકારો ઉપરાંત જાણીતા કલાકારોએ પણ વિવિધ રજૂઆતો કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કલાકારોને ભક્તો તરફથી ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રસંગે ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ધાર્મિક કાર્યક્રમો સાથે સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકસંસ્કૃતિની વિવિધ રજૂઆતોને કારણે સમગ્ર દિવસ દરમિયાન નવનાથ ધામમાં ઉત્સવમય વાતાવરણ છવાયેલું રહ્યું હતું. સેવકોના જણાવ્યા મુજબ, પૂજ્ય છોટેદાદાની પ્રેરણાથી યોજાતો શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ધાર્મિક આસ્થા સાથે ભારતીય સંસ્કૃતિ અને કલાના સંવર્ધનનું પણ માધ્યમ બની રહ્યો છે. આવા આયોજનો સમાજમાં ભક્તિ, એકતા, સંસ્કાર અને સાંસ્કૃતિક ચેતનાને વધુ મજબૂત બનાવે છે. દેવસર નવનાથ ધામ ખાતે યોજાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ ભક્તિ, આનંદ અને સાંસ્કૃતિક અભિવ્યક્તિથી ભરપૂર રહ્યો હતો અને ભક્તો માટે યાદગાર બની રહ્યો હતો.

## દાંડીના વિનય મંદિરમાં શિક્ષક દિન ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૭ :** ઐતિહાસિક દાંડી સ્થિત વિનય મંદિર દાંડી હાઈસ્કુલ ખાતે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શિક્ષક દિવસની ઉત્સવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકોની ભૂમિકા નિભાવી વિવિધ વર્ગોમાં અધ્યાપન કાર્ય પણ સંભાળ્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓને શિક્ષકના કાર્યની મહત્તા અને જવાબદારીનો પરિચય મળ્યો હતો.

આજના દિવસે પ્રાર્થના સંમેલનથી માંડીને પૂર્ણાહુતિ સુધી




સમગ્ર શાળાનું સંચાલન શિક્ષકો બનેલા વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.

સમગ્ર દિવસ દરમિયાન શિક્ષણ કાર્ય કર્યા બાદ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શિક્ષક તરીકેના પોતાના અનુભવો બાળકોએ વ્યક્ત કર્યા હતા. આ સાથે જ શાળા પરિવાર તરફથી શિક્ષક બનેલા વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ અને પ્રતીક ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિનય મંદિર દાંડીના શિક્ષકદિવસ નિમિત્તે આચાર્ય બનેલ ધોરણ ૧૨ની વિદ્યાર્થીની મૈત્રી પટેલે શિક્ષકમિત્રોના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થવા માટે શાળા પરિવાર અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલગભાણ પ્રા. શાળામાં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૭ :** પાલગભાણ પ્રાથમિક શાળા ખાતે શિક્ષક દિનની ઉજવણી ખૂબ જ ઉત્સાહ, આનંદ અને ઉમંગભેર કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં શિક્ષકો પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવના વિકસે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષક દિન નિમિત્તે શાળાના કુલ ૪૦ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી શૈક્ષણિક કાર્યમાં સક્રિય ભાગ લીધો હતો. બાળકો દ્વારા શિક્ષકની ભૂમિકા ભજવતાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, સંવાદકૌશલ્ય તથા જવાબદારીની ભાવનાનો સુંદર પરિચય મળ્યો હતો.આ કાર્યક્રમમાં આચાર્ય તરીકે આરવ મહેશભાઈ પટેલ દ્વારા સુંદર રીતે કામગીરી કરવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું તેમજ શિક્ષકના મહત્વ અને સમાજ ઘડતરમાં શિક્ષકની ભૂમિકા વિશે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ શિક્ષકો પ્રત્યે આદર અને સન્માન વ્યક્ત કરી શિક્ષક દિનની ઉજવણીને યાદગાર બનાવી હતી. સમગ્ર કાર્યક્રમ શાળાના શિક્ષકોના માર્ગદર્શન અને સહકારથી સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો હતો.

આ ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં શિક્ષક પ્રત્યે સન્માન અને શિક્ષણ પ્રત્યે સમર્પણ જેવી મૂલ્યવાન ભાવનાઓનો વિકાસ થયો હતો.

## ડાંગ આનંદ આશ્રમમાં શિક્ષક દિને વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૦૭ :** શિક્ષક દિનના પાવન અવસર પર ડાંગ જિલ્લાના ઉમરિયા ગામની પ્રાથમિક શાળા (ધોરણ ૧ થી ૬) માં ૨૨ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું.

આ સેવા કાર્ય યોગી અરુણાનંદ મુનિ જીની પ્રેરણાથી આનંદ આશ્રમ ડાંગ તરફથી કરવામાં આવ્યું. આ પહેલનો ઉદ્દેશ્ય બાળકોના શિક્ષણમાં સહયોગ આપવો અને તેમના ઉજ્જવળ ભવિષ્ય તરફ એક નાનકડું યોગદાન આપવાનો છે.

આ સેવા કાર્યમાં ઉમરિયા ગામના શ્રી શૈલેષભાઈ બાગુલનો વિશેષ સહયોગ રહ્યો, જેમના સહયોગથી આ કાર્ય સફળતાપૂર્વક



સંપન્ન થયું.આ અવસરે ઉપસ્થિત અતિથિગણેં શૈલેષ બાગુલ, ઉમેશ પવાર, રમેશ પવાર, રવિદાસ બાગુલ, નિતિન ગુરુજી, મંજુલા બાગુલ, મીના ચૌધરી, પ્રિયાંશ બાગુલ, પ્રોમિલા બાગુલ.

સાથે જ શાળાના આચાર્યશ્રી અને તમામ શિક્ષકગણ પણ ઉપસ્થિત રહ્યા. બાળકો પ્રત્યે તેમના સમર્પણ અને શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા નિરંતર પ્રયાસો બદલ સૌનો હાર્દિક આભાર.

એક નોટબુક કેવળ કાગળના પાના નથી હોતી, તે કોઈ બાળકના સપના, વિચારો અને ભવિષ્ય લખવાનું માધ્યમ હોય છે.

આનંદ આશ્રમ ડાંગ શિક્ષણ, સેવા અને સંસ્કારના માધ્યમથી સમાજના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ છે.




**ચીખલી રેન્જ વન તંત્રની બેદરકારી :** જુલાઈ-૨૬ની મહારેલમાં શનિ સપ્તધામની બાજુમાં જંગલ ખાતા એ વિકસાવેલા -નમો વડવન- માં રેલપાણીએ સારું એવું નુકસાન કરેલું છે જેમાં જે નામથી આ રમણીય સ્થળ ઓળખાય છે તેના અક્ષરો ખરી જતા આ અપભ્રંશ નામ વંચાય છે પણ તેને ફરીથી યોગ્ય વાચ્ય નામ આપવા ચીખલી રેન્જ અધિકારીઓ કાર્યરત થશે? તેવું પ્રવાસીઓમાં ચર્ચાય છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૮-૦૯-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** શ્રાવણ, બારસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૭ **સૂર્યાસ્ત** ૦૬ :૪૬, **ચંદ્રોદય** - ૦૩:૧૬ **ચંદ્રાસ્ત** - ૦૭:૫૮ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - પુષ્ય

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે કાર્યક્ષેત્રમાં તમારી કાર્યક્ષમતા અને સમર્પણની પ્રશંસા થશે તથા કોઈ નવી મહત્વપૂર્ણ જવાબદારી મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** જૂની બચત અને નાણાકીય રોકાણોને સુરક્ષિત રાખવા માટે આજનો દિવસ ઉત્તમ સાબિત થઈ શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે કમાણીના એક કરતાં વધુ નવા રસ્તાઓ ખુલી શકે છે, પરંતુ ઉતાવળિયા નિર્ણયો લેવાથી બચવું.

**કર્ક (ડ, હ) :** તમારી પોતાની રાશિમાં ચંદ્રદેવ અને ગુરુની હાજરીને કારણે ધન અને કરિયરની બાબતોમાં મોટી રાહત મળશે.

**સિંહ (મ, ટ) :** આજે પૈસાથી જોડાયેલી બાબતો અને તમારી પ્રાથમિકતાઓ પર ફરીથી વિચાર કરવાની ખાસ જરૂર છે.

**કન્યા (પ, ઠ, ણ) :** તમારી રાશિમાં બુધ ગ્રહની હાજરી હોવાથી આર્થિક મોરચે સચોટ અને તાર્કિક વિચારસરણી જળવાઈ રહેશે.

**તુલા (ર, ત) :** રાશિમાં શુક્રની સ્થિતિના કારણે તમારી વાણી અને બોલવાની શૈલીનો લોકો પર સકારાત્મક પ્રભાવ પડશે.

**વૃશ્ચિક (ન, ય) :** પૈસા અને મિલકતના મામલામાં આજે તમારે ખૂબ જ ધીરજ અને શાંત સ્વભાવ રાખવાની જરૂર પડશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે ભવિષ્યની કમાણી વધારવા માટે મનમાં નવા વિચારો અને યોજનાઓ આવી શકે છે. તમારા બજેટના દાયરાને ધ્યાનમાં રાખીને જ કોઈ આર્થિક રોકાણ તરફ આગળ વધવું.

**મકર (ખ, જ) :** ગ્રહોની સ્થિતિ સૂચવે છે કે આજે ધન અને જવાબદારીઓની બાબતમાં તમારે વધુ નિયમિત બનવું પડશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપાર અથવા અન્ય કોઈ પણ ક્ષેત્રમાં સંભળાઈને અને પૂરતી તપાસ કરીને જ રોકાણ કરવું. સટ્ટાકીય પ્રવૃત્તિઓ અને બિનહિસાબી કે બિનજરૂરી ખર્ચાઓથી સંપૂર્ણ દૂર રહેવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે તમારા જૂના ખાતાઓ, બેંક બેલેન્સ અને આર્થિક વ્યવહારોની બારીકાઈથી તપાસ કરી લેવી. કામકાજમાં પૂરતી લગન અને મહેનત રાખવાથી ભાગ્યનો સાથ મળશે અને અટકેલા કામો પૂરા થશે.

## દમણ રેડિયો

### 102.3 FM

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 1 | | | 9 | 7 | 4 | | | 2 |
| 4 | 8 | | 1 | | 3 | | 5 | 7 |
| | | 4 | | 3 | | 7 | | |
| 6 | 2 | | | | | | 1 | 5 |
| | | 1 | | 9 | | 2 | | |
| 5 | 9 | | 3 | | 8 | | 7 | 1 |
| 2 | | | 7 | 1 | 5 | | | 8 |
| | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 3 | 5 | 8 | 7 | 6 | 1 | 2 |
| 5 | 7 | 6 | 1 | 3 | 2 | 4 | 8 | 9 |
| 2 | 1 | 8 | 6 | 4 | 9 | 7 | 5 | 3 |
| 1 | 8 | 4 | 2 | 9 | 3 | 5 | 6 | 7 |
| 3 | 6 | 9 | 4 | 7 | 5 | 8 | 2 | 1 |
| 7 | 5 | 2 | 8 | 1 | 6 | 9 | 3 | 4 |
| 4 | 2 | 7 | 3 | 6 | 8 | 1 | 9 | 5 |
| 6 | 3 | 1 | 9 | 5 | 4 | 2 | 7 | 8 |
| 8 | 9 | 5 | 7 | 2 | 1 | 3 | 4 | 6 |

# વાપીની કોલેજમાં શિક્ષક દિને તાલીમાર્થી શિક્ષકોનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૦૭ :** ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે વાપીની શ્રી સર્વોદય મંડળ સંચાલિત શ્રી ખંડુભાઈ હરિભાઈ દેસાઈ પુરુષ અધ્યાપન મંદિર ખાતે શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૧૧ ભૂતપૂર્વ તાલીમાર્થી શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો હતો. પ્રિન્સિપાલ ડૉ. કિરણભાઈ પટેલના આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં શિક્ષણ, સંશોધન, નવાચાર અને સામાજિક સેવામાં નોંધપાત્ર પ્રદાન કરનારા શિક્ષકોનું બહુમાન કરાયું હતું.

સન્માનિતોમાં વિરેન્દ્રભાઈ શાંતિભાઈ પટેલનો સમાવેશ થાય છે, જેઓ ૨૦૨૧માં રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ સહિત વિવિધ સન્માન મેળવી ચૂક્યા છે. ધરમપુરના નિલેશભાઈ નિકુળિયાએ શાળામાં પાંચથી ૧૬૮ બાળકો સુધીની સંખ્યા પહોંચાડવા સાથે પોતાની જમીન પર છાત્રાલય શરૂ કરી ૧૨૦ બાળકોને મફત રહેવા, જમવા અને શિક્ષણની સુવિધા આપી છે.વડોદરાના સુનિલકુમાર ગાંવિતે રાજ્ય કક્ષાની પરીક્ષામાં ટોપ-૧૦માં ત્રીજો ક્રમ મેળવ્યો છે. નિવૃત્ત શિક્ષક મણિલાલ વસાવાએ સ્કાઉટ-ગાઈડ, એલ્ડ બોર્ડ પ્રતિનિધિ અને માસ્ટર ટ્રેનર તરીકે સેવા આપી છે. પંકજભાઈ પટેલે સ્થાનિક બોલીમાં સાહિત્ય સર્જન અને ફળિયા શિક્ષણ પ્રકલ્પમાં યોગદાન આપ્યું છે.

ડૉ. કલ્પેશકુમાર પોલ પરમારે સંગીતના માધ્યમથી શિક્ષણને રસપ્રદ બનાવવાની સાથે ૧૦ સંશોધન પેપર પ્રકાશિત કર્યા છે. વિજયભાઈ વાંકે કચ્છના દુર્ગમ વિસ્તારમાં શિક્ષણ સેવા આપી છે, જ્યારે પ્રશાંતસિંહ પરમારે ICT, પ્રજ્ઞા અભિગમ અને હરિયાળી શાળા પ્રકલ્પથી શિક્ષણમાં નવાચાર કર્યો છે.

ડૉ. જીતેન્દ્રસિંહ કિશોરસિંહ, સંજય સુભાવ ભોયા અને ધર્મેશભાઈ ગાંવિતને પણ તેમની શૈક્ષણિક સિદ્ધિઓ અને નવાચાર માટે સન્માનિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ વિસ્તારોમાં શિક્ષણની જ્યોત પ્રગટાવનારા ભૂતપૂર્વ તાલીમાર્થી શિક્ષકોની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. શિક્ષક દિને યોજાયેલો આ સન્માન સમારોહ શિક્ષણ જગત માટે પ્રેરણાદાયી બન્યો હતો.

# છીરી જ્ઞાનગંગા સ્કુલમાં યુવા સંમેલન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) શ્રી રામ નગર, વાપી દ્વારા જ્ઞાન ગંગા સ્કૂલ, છેરી વાપી ખાતે એક યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ થી ૩૫ વર્ષની વયના ૮૦ યુવાનો અને ૨૦ યુવતીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત શાખાની મુલાકાતથી થઈ હતી, ત્યારબાદ એક સંવાદ સત્ર યોજાયો હતો જેમાં યુવાનો અને મહિલાઓએ પર્યાવરણ અને સ્વદેશી મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ત્યારબાદ જિજ્ઞાસા નિરાકરણ સત્ર અને સમાપન સત્ર યોજાયો હતો જેમાં યુવાનો અને મહિલાઓએ પ્રશ્નો પૂછ્યા હતા અને જવાબો મેળવ્યા હતા. આજના યુવાનો વિકાસશીલ ભારતનું ભવિષ્ય છે. તેમની પાસે ઘણી જિજ્ઞાસાઓ છે. તેમને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા અને તેમની જિજ્ઞાસાને સંતોષવા માટે, તેમને ભારતના ઈતિહાસ, વર્તમાન અને ભવિષ્ય વિશે માહિતી આપવામાં આવી હતી. વંદે માતરમ ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું. કાર્યક્રમ સંયોજક ભરત ભાઈ લોધી, સહ સંયોજક અમિત ભાઈ સિંહ, શહેર કાર્યાલય દીપક ભાઈ જૈન, અને વાપી વિસ્તરણ પ્રભારી જીતેન્દ્રભાઈ સોલંકી, નવસારી વિભાગના માનદ સંઘચાલક પ્રકાશભાઈ ગાલા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમિતિના કવિતા ભાભી પ્રજાપતિની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું સમાપન થયું હતું.

# નારગોલમાં નિવૃત્ત એસ.ટી કંડકટરને મળેલું પૈસા ભરેલું પાકીટ મૂળ માલિકને પરત કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૭ :** નારગોલ ગામે ફરી એકવાર પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગામના નિવૃત્ત એસ.ટી કંડકટરને રસ્તા પરથી મળેલું રોકડ અને મહત્વના દસ્તાવેજો ભરેલું પાકીટ તેમણે સરપંચની હાજરીમાં મૂળ માલિકને પરત કરી માનવતાની મહેક ફેલાવી છે. બુધવારે મોડી સાંજે રોજની જેમ ચાલવા નીકળેલા નારગોલ નવાતળાવના રહેવાસી અને નિવૃત્ત એસ.ટી કંડકટર રમણભાઈ આહિરને નારગોલ કોસ્ટલ હાઈવે પર પ્રમુખ પેટ્રોલ પંપ પાસે, તુષારભાઈ ભંડારીના ઘરની સામે રસ્તા પરથી એક પાકીટ મળી આવ્યું હતું. ૫ાકીટ ખોલતા અંદર ત્રણ એટીએમ કાર્ડ, આધારકાર્ડ, ઓરીજનલ ડ્રાઈવિંગ લાયસન્સ, મોટરસાયકલની આર.સી બુક સહિત



બે હજારથી વધુ રોકડ રકમ હતી. પાકીટમાં રહેલા દસ્તાવેજોના આધારે તે તડગામ ગામના સંદીપ ઈશ્વર પટેલનું હોવાનું જાણવા મળ્યું હતું.

માલિકનો સંપર્ક નંબર ન હોવાથી રમણભાઈ આહિરે તાત્કાલિક નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટી યતીન ભંડારીનો સંપર્ક કર્યો હતો.

સરપંચ સ્વીટી ભંડારીએ સરોંડા ગામના સરપંચ રંજનાબેન સંદીપ રાઠોડનો સંપર્ક કરી સંદીપ પટેલ સુધી માહિતી પહોંચાડી હતી.

ત્યારબાદ નારગોલ સરપંચના નિવાસ સ્થાનોના કાર્યાલય ખાતે સરપંચ સ્વીટી ભંડારીની હાજરીમાં રમણભાઈ આહિરે સંદીપ પટેલને તેમનું પાકીટ સંપૂર્ણ સામાન સાથે પરત કર્યું હતું. પોતાનું કિંમતી પાકીટ પરત મળતા સંદીપ પટેલે રમણભાઈ અને સરપંચનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સરપંચ સ્વીટી ભંડારીએ રમણભાઈ આહિરના પ્રામાણિક કાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે નારગોલ ગામમાં આવા પ્રામાણિકતાના કિસ્સાઓ અવારનવાર બને છે. થોડા દિવસ પહેલા જ ગામના ડો. નીરજ બારી ને રૂ. ૧.૫ લાખની કિંમતનું સોનાનું મંગળસૂત્ર મળ્યું હતું, જે તેમણે મૂળ માલિકને પરત કર્યું હતું. ભૂતકાળમાં પણ અનેક વખત કિંમતી સામાન મળ્યા બાદ નારગોલના નાગરિકોએ પરત કરી પ્રામાણિકતાની મિસાલ કાયમ કરી છે.

# નામધામાં જન્માષ્ટમી મહોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** રાષ્ટ્રીય યદુવંશી સેવા સંઘ, વાપી દ્વારા રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ નામધા ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના સાનિધ્યમાં યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના સભ્યો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ત્થ્ના પ્રમુખ તથા વાપી મહાનગરપાલિકાના કારોબારી અધ્યક્ષ સતીશભાઈ પટેલ, વાપી મહાનગર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, ભાજપ વલસાડ જિલ્લાના આર્થિક સેલના સંયોજક મહેશભાઈ ભટ્ટ, ઉદ્યોગપતિ શ્યામલાલ યાદવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કનુભાઈ દેસાઈએ ભગવાન શ્રીકૃષ્ણના જીવન, કર્મયોગ અને તેમના આદર્શ વિચારો અંગે ધાર્મિક તેમજ સામાજિક માર્ગદર્શન આપ્યું હતું. તેમના પ્રેરણાદાયી વક્તવ્યથી ઉપસ્થિત સૌ ભાવવિભોર થયા હતા.

રાષ્ટ્રીય યદુવંશી સેવા સંઘ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું ભાવભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ મહેન્દ્ર શંકર યાદવ તથા હોદ્દેદારો જિત્તન યાદવ, પંકજ યાદવ, ડૉ. રમેશભાઈ યાદવ, અચ્છેલાલ યાદવ, શિવચંદ યાદવ, અવધેશ યાદવ સહિતના હોદ્દેદારોએ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું.



# વાપીના રુદેય ચેરિટેબલ ટ્રસ્ટનું વન મહોત્સવમાં સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૭ : રુદેય ચેરિટેબલ ટ્રસ્ટને વલસાડ જિલ્લા વનવિભાગ દ્વારા વનમોહોત્સવ નિમિત્તે પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

વલસાડ જિલ્લા ના પારડી સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે આયોજિત ૭૭ માં વન મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાને વૃક્ષા રોપણ, સામાજિક વનીકરણ, સિડ્ઝ બોલ વાવેતર, જીવદયા, અને કરુણા અભિયાન અંતર્ગત વિવિધ કામગીરી કરવા બદલ પ્રશસ્તિ પત્રક આપવામાં આવ્યું.

ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી નાણા વિભાગ કનુભાઈ દેસાઈ સાહેબ ના વરદ હસ્તે રુદેય ચેરિટેબલ ટ્રસ્ટ ના યુવા કાર્યકર એવા રાહુલભાઈ જયસ્વાલને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કર્યા હતા. રુદેય સંસ્થા દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ૩૭૦૦ જેટલા વૃક્ષો નું વાવેતર કરેલ છે. જે પૈકી ખેડૂતોને ૫૦૦ જેટલા ફાળઝાળ ના રોપા વિતરણ કરેલ છે. ૧૦ દિવસનો કરુણા અભિયાન કેમ્પ કરેલ છે જેમાં ૪૨ પંખીઓને સારવાર આપવામાં આવી, ૩૦૦ જેટલા ચકલી ઘર અને ૧૫૦ જેટલી પાણીની પરબ આપવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર, વલસાડ જિલ્લા મુખ્ય વન સંરક્ષકશ્રી, જિલ્લા DFO, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ, વલસાડ તેમજ કપરાડાના ધારાસભ્ય, તાલુકા પંચાયત પ્રમુખ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રુદેય સંસ્થાના ઉપપ્રમુખ સુભાષભાઈ પટેલ તેમજ સંસ્થાના ટ્રસ્ટી સત્યેન પંડ્યા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# વાપીની આર. કે. દેસાઈ કોલેજમાં શિક્ષક દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કૉલેજીસ, વાપીમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીના જન્મદિવસ નિમિત્તે 'શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ કોલેજ કેમ્પસના સર્વ આચાર્યશ્રીઓએ શિક્ષક દિવસ નિમિત્તે વક્તવ્ય આપી કોલેજના સમગ્ર વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવ્યા હતા. ત્યારબાદ 'શિક્ષકનું મહત્વ' દર્શાવતું સુંદર નાટક, ગુરુનું મહાત્મ્ય દર્શાવતું સ્વાગત ગીત, વક્તવ્ય વગેરે વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા, જે સૌ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક નિહાળ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ -ધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ પોતાના આશીર્વચનો તથા અનુભવો રજૂ કર્યા અને આ રીતે કાર્યક્રમનો સુંદર અને જ્ઞાનસભર અંત થયો.

સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન આર. કે. દેસાઈ પરિવારની સાંસ્કૃતિક કમિટીના સભ્યો પ્રો. અભિષેક પટેલ અને પ્રો. નેહા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સુંદર આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, તેમજ કોલેજના સર્વ આચાર્ય અને અધ્યાપકોએ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# પારડી બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી ખાતે બ્રહ્મકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા જન્માષ્ટમી મહોત્સવ રાખવામાં આવ્યો હતો. આ ઉત્સવ માં શ્રી કૃષ્ણ ભગવાન ને લગતી વિવિધ કૃતિઓ નાની નાની બાલિકાઓ દવારા રજૂ કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિક મંડળ કિલ્લા પારરડીએ ખૂબ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો આ કાર્યક્રમ માં મંડળના પ્રમુખ નરેશભાઈ કે. દેસાઈ એ શ્રી કૃષ્ણ ભગવાન ના જન્મ અંગે ખૂબ જ ભાવવિભોર મનનીય ઉદ્બોધન કર્યું હતું. મંડળના મંડળના મંત્રી પ્રફુલ્લભાઈ લાડ જયંતિભાઈ પ્રજાપતિ અને યોગગુરુ બાલુભાઈએ પણ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ ના અંતે મટકી ફોડવાનો પ્રસંગ રાખી બ્રહમાકુમારી બહેનો દવારા સાંસ્કૃતિક કૃતિઓમાં ભાગ લેનાર તમામ બાલિકાઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

# વાપીની સમર્પણ જ્ઞાન સ્કુલમાં શિક્ષક દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષકોનું સન્માન કરી તેમના પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. શિક્ષકોને પ્રમાણપત્ર, પુષ્પગુચ્છ તથા સ્મૃતિભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી શાળાનું શૈક્ષણિક સંચાલન સંભાળ્યું હતું.

વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને વર્ગખંડમાં પાઠ ભણાવી શિક્ષક તરીકેની જવાબદારી અને પડકારોનો અનુભવ મેળવ્યો હતો. શિક્ષકોના આનંદ અને મનોરંજન માટે વિવિધ મનોરંજક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમની મજા માણી હતી. કાર્યક્રમમાં સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મુકેશ પટેલ, સ્કુલ ચેરપર્સન લાયન હીના પટેલ શાળાના આચાર્યા લાયન પાર્વતી પિઠાની, લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીનીના પ્રમુખ લાયન તાણવી પટેલ તથા લાયન્સ કલબના પ્રતિનિધિઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. અંતે શાળાના સંચાલક મંડળ અને આચાર્યશ્રીએ તમામ શિક્ષકોને શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# દાનહમાં જન્માષ્ટમી પર્વે વિવિધ સ્થળોએ મટકી ફોડ કાર્યક્રમો યોજાયા







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** દાદરા નગર હવેલીમાં કૃષ્ણ જન્માષ્ટમીનો પાવન પર્વ શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. પ્રદેશના વિવિધ મંદિરો તેમજ સોસાયટીઓમાં નંદોત્સવની સુંદર ઝાંખીઓ સજાવવામાં આવી હતી. સેલવાસના ગાયત્રી મંદિર, તિરુપતિ બાલાજી મંદિર, લવાછા સ્થિત રામેશ્વર મહાદેવ મંદિર તેમજ દાદરા રામ મંદિર સહિતના સ્થળોએ રાત્રે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રિના ૧૨ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સાથે જ મંદિરો અને સોસાયટીઓમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. 'જય ગોવિંદ જય ગોપાલ', 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી' જેવા જયઘોષથી સમગ્ર વિસ્તાર કૃષ્ણમય બની ગયો હતો. જન્મોત્સવ બાદ ભક્તોના દર્શન માટે ભગવાન શ્રીકૃષ્ણની આકર્ષક ઝાંખીઓ ખુલ્લી મૂકવામાં આવી હતી. આમલી સ્થિત તિરુપતિ બાલાજી મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપને પારણામાં બિરાજમાન કરી સુંદર ઝાંખી તૈયાર કરવામાં આવી હતી. અહીં ભક્તોએ ભગવાનને માખણ-મિશ્રીનો પ્રસાદ અર્પણ કરી દર્શનનો લાભ લીધો હતો.

જન્માષ્ટમી નિમિત્તે પ્રદેશના વિવિધ વિસ્તારો ઉપરાંત શાળાઓ અને સોસાયટીઓમાં પણ મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં યુવાનો અને બાળકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. વિવિધ સ્થળોએ મટકી ફોડ દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા અને સમગ્ર વિસ્તારમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો.

# ફલાંડી હાઈ.માં 'બાળલગ્ન મુક્ત ભારત' અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૭ :** શિક્ષક દિવસ નિમિત્તે ફલાંડી ગામની સરકારી હાઈસ્કૂલ ખાતે 'બાળલગ્ન મુક્ત ભારત' અભિયાન હેઠળ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ બાળલગ્નના દુષ્પરિણામો અંગે જાગૃતિ નાટક રજૂ કરી બાળકોને શિક્ષણ, સુરક્ષા અને સુરક્ષિત બાળપણ આપવાનો સંદેશ આપ્યો હતો. પ્રયાસ જ્યુવેનાઈલ એન્ડ સેન્ટર (JAC) સોસાયટીના સોશિયલ વર્કર અને સપોર્ટ પર્સન અમોલ મેશ્રામે વિદ્યાર્થીઓને બાળલગ્નની રોકથામ, બાળ અધિકારો અને શિક્ષણના મહત્વ અંગે માહિતી આપી હતી. તેમણે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૭ નવેમ્બરને બાળલગ્ન, નાની ઉંમરના અને બળજબરીના લગ્નની સમાપ્તિ માટે આંતરરાષ્ટ્રીય





દિવસ જાહેર કરવાના નિર્ણયને આવકાર્યો હતો. તેમણે જણાવ્યું કે આ નિર્ણય ભારતમાં બાળલગ્ન વિરુદ્ધ ચાલી રહેલા જાગૃતિ અભિયાનોને મળેલી મહત્વપૂર્ણ વૈશ્વિક માન્યતા છે. દાદરા અને નગર હવેલીમાં શાળાઓ, પંચાયતો અને ગામોમાં જાગૃતિ સાથે કાયદાકીય હસ્તક્ષેપ દ્વારા બાળલગ્ન અટકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ બાળલગ્નનો વિરોધ કરવાની અને આસપાસ બાળલગ્નની ઘટના અંગે વહીવટીતંત્રને જાણ કરવાની શપથ લીધી હતી.

કાર્યક્રમમાં શાળાની ઈન્ચાર્જ દિવ્યા દેસાઈ, ઉમરકોઈ પંચાયતના સરપંચ ગણેશ ભુજાડા, જિલ્લા પંચાયત સભ્ય સુરેશ રેડિયા, ફલાંડી હેડ ક્લસ્ટરના પ્રમુખ નિમેષભાઈ, આશા વર્કરો, આંગણવાડી સેવિકાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દમણ જેલમાં કાનુની જાગૃતિ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૭ :** રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ, એડવોકેટ્સ બાર એસોસિએશન, દમણના સહયોગથી, શનિવારે મોતી દમણ સબ-જેલ ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો હેતુ કેદીઓ અને કેદીઓને તેમના કાનૂની અધિકારો અને ઉપલબ્ધ કાનૂની જોગવાઈઓ વિશે માહિતી આપવાનો હતો. આ કાર્યક્રમમાં એડવોકેટ જગદીશ દમણિયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને જામીન સંબંધિત જોગવાઈઓ વિશે માહિતી આપી હતી. એડવોકેટ મયંક પટેલે પ્લી બાર્ગેનિંગ વિશે માહિતી આપી હતી. એડવોકેટ અલ્પેશ દમણિયાએ કેદીઓ અને અન્ડરટ્રાયલ કેદીઓના અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન, કેદીઓને કાયદા અને ન્યાયિક પ્રક્રિયા હેઠળના તેમના અધિકારો વિશે માહિતી આપવામાં આવી હતી, અને જરૂરિયાતમંદ કેદીઓને ઉપલબ્ધ મફત કાનૂની સહાય વિશે પણ જાગૃત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે એડવોકેટ મયંક સી. પટેલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણના નોડલ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

# વાપીની કેરવેલ સ્કુલમાં શિક્ષક દિવસ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપીના ડુંગરા ખાતે આવેલ કેરવેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શિક્ષક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ કૌસરબાનુ, ઝાહીદખાન તથા ટ્રસ્ટીગણના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, અભિનંદન



કાર્યક્રમો તથા શિક્ષકોના સન્માનના કાર્યક્રમો યોજાયા હતા, જેના કારણે સમગ્ર શાળા પરિવાર આનંદ અને ઉત્સાહના માહોલમાં જોવા મળ્યો હતો. શાળાના સંચાલક મંડળે તમામ શિક્ષકોના શિક્ષણક્ષેત્રે આપેલા યોગદાનને બિરદાવતાં તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધરમપુરની એકલવ્ય મોડેલ સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૭ :** ધરમપુરની પીએમ શ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં શિક્ષક દિન નિમિત્તે અનોખી શૈક્ષણિક પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં ૨૯ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી, જેમાં ૧૫ વિદ્યાર્થી અને ૧૪ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થયો હતો. વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં જઈને વિવિધ વિષયો ભણાવવાની સાથે વર્ગ સંચાલન, વિદ્યાર્થીઓ સાથે સંવાદ અને શિસ્ત જાળવવાનો અનુભવ મેળવ્યો હતો. આ



દરમિયાન ચૌધરી વિશાલે એક દિવસ માટે શાળાના પ્રિન્સિપાલની ભૂમિકા ભજવી શાળાની કામગીરી અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને નજીકથી સમજવાનો પ્રયાસ કર્યો હતો. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા અને જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો. શિક્ષક બનીને વિદ્યાર્થીઓએ શિક્ષણ વ્યવસ્થાને નજીકથી સમજવાનો અનોખો અને યાદગાર અનુભવ મેળવ્યો.

# સ્થાનિક સમાચારો

Tuesday 08, September 2026
દમણગંગા ટાઈમ્સ

## વાપી રોટરી ક્લબ ઓફ દ્વારા ૧૨ શિક્ષકોને નેશનલ બિલ્ડર એવોર્ડ એનાયત કરાયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપી ખાતે રોટરી ક્લબ ઓફ વાપી દ્વારા તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રોટરી હોલ ખાતે નેશનલ બિલ્ડર એવોર્ડ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. રોટરીની મૂલ્યાંકન પ્રક્રિયા અંતર્ગત વલસાડ જિલ્લાના ૧૧ જેટલી શાળાઓમાંથી પસંદગી પામેલા નાનાપોંઢા, વટાર સહિતની વિવિધ શાળાઓના કુલ ૧૨ શિક્ષકોને નેશનલ બિલ્ડર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શિક્ષક માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર વ્યક્તિ નથી, પરંતુ તેઓ માર્ગદર્શક, આયોજક અને મિત્રની ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓના જીવનને યોગ્ય દિશા આપે છે. આજના સમયમાં શૈક્ષણિક વિકાસ ઉપરાંત વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, સંસ્કાર અને સકારાત્મક વિચારસરણીના વિકાસમાં પણ શિક્ષકોનું યોગદાન મહત્વપૂર્ણ છે. યુવા પેઢીને યોગ્ય માર્ગદર્શન આપી દેશના ભવિષ્યને ઘડવામાં શિક્ષકોની ભૂમિકા અતિમહત્વની હોવાનું કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.

રોટરી ક્લબ ઓફ વાપીના પ્રમુખ અભય ભટ્ટે જણાવ્યું હતું કે રોટરી દ્વારા વર્ષ દરમિયાન આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે.

આસિસ્ટન્ટ ગવર્નર અપૂર્વ પારેખે નેશનલ બિલ્ડર એવોર્ડ પ્રોજેક્ટની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે જીવનની શ્રેષ્ઠ યાદોમાં શાળા અને શિક્ષકોનું સ્થાન હંમેશા વિશેષ હોય છે. શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવતા તેમણે આવા સન્માન કાર્યક્રમોને પ્રેરણાદાયી ગણાવ્યા હતા.

પ્રોજેક્ટ ચેરમેન વિનીત શાહ અને સંજય બડોલેએ પ્રોજેક્ટની પહેલ અને સફળતા બદલ સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. રોટરી લિટરસી ચેરમેન અલ્પાબેન કોટડીયાએ પોતાની કારકિર્દીની સફળતામાં શાળા અને શિક્ષકોના યોગદાનને યાદ કરી રોટરી ઈન્ડિયા લિટરસી મિશન અંતર્ગત ચાલતા TEACH Programme અંગે માહિતી આપી હતી. પ્રમુખ અભય ભટ્ટ, સેક્રેટરી મુકુન્દ ભાવસાર તથા રોટરી ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ પ્રમુખ કલ્યાણભાઈ બેનરજી સહિતના મહાનુભાવોના હસ્તે કુલ ૧૨ શિક્ષકોને નેશનલ બિલ્ડર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સન્માનિત શિક્ષકોના અભિપ્રાયો પણ લેવામાં આવ્યા હતા.

## વાપીની એલ.જી. હરિયા સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ વાપીની શ્રી એલજી હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલમાં પ્રિ -પ્રાઈમરી વિભાગ દ્વારા શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ ની પારંપારિક ઢબ થી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત શ્રીકૃષ્ણની મંગલ મય આરતીથી કરવામાં આવી, પ્રી પ્રાઈમરી શાળાના નાના નાના ભૂલકાઓ શ્રી કૃષ્ણ અને રાધાની વેશભૂષા ધારણ કરીને આવ્યા હતા. નાના ભૂલકાઓનાં આનંદ અને ઉત્સાહથી શાળાનું પરિસર ગોકુળમય બની ગયું તથા પ્રી પ્રાઈમરી શાળા ના વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ પણ ઉજવવામાં આવ્યો, નાના બાળકોએ નાચ ગાન અને આનંદ સાથે જન્માષ્ટમીની મટકી ફોડી શિક્ષક દ્વારા તેઓને જન્માષ્ટમી નું મહત્વ સમજાવવામાં આવ્યું. તેમજ શાળાના હાયર સેકન્ડરી વિભાગ દ્વારા શાળાના ૪ હાઉસ વચ્ચે ઈન્ટર હાઉસ મટકી ફોડ કોમ્પિટિશનમાં ઈન્ટર હાઉસ બોયઝ અને ઈન્ટરહાઉસ ગર્લ્સ ની સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાના આકાશ, પવન,અગ્નિ અને પૃથ્વી આ ચાર હાઉસમાં આકાશ હાઉસ બોયઝની ટીમ અને ગર્લ્સ ટીમ બંને ને જીત હાંસલ થઈ છે. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ.કે.શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફવતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## વટારની હાઈસ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** એસ. એસ. બી. ડી. દેસાઈ હાઈસ્કૂલ, વટાર ખાતે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે જન્માષ્ટમી પર્વની આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણ દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવન, તેમના વિચારો, કર્મયોગ અને ધર્મના સંદેશ વિશે જાગૃતિ આવે તે હેતુથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શ્રીકૃષ્ણના જીવન સાથે જોડાયેલા પ્રસંગો, ભજન, ગીતો તેમજ વિવિધ સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મટકી ફોડનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક મટકી ફોડ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એક મટકી વિદ્યાર્થીની દ્વારા ફોડવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહથી ગુંજી ઉઠ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શાળાની શિક્ષિકા અર્પિતાબેન તથા શાળાના આચાર્યશ્રી ડો. નિખિલભાઈ કે. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. શાળાના અન્ય શિક્ષકગણએ પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉત્સાહપૂર્વક સહભાગી બની સહકાર આપ્યો હતો.

શાળાના આચાર્ય ડો. નિખિલભાઈ કે. પટેલે વિદ્યાર્થીઓને જન્માષ્ટમીના પર્વની શુભેચ્છા પાઠવી અને ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી સત્ય, કર્તવ્ય, નિષ્ઠા અને કર્મનો સંદેશ જીવનમાં ઉતારવા માટે પ્રેરણા આપી હતી. શાળાના ટ્રસ્ટી કિશોરભાઈ દેસાઈ એ સમગ્ર શાળા પરિવારને જન્માષ્ટમી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધરમપુરના ટેટબારી ખાતે શ્રીકૃષ્ણ જન્મજયંતી ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૭ :** આંબા જંગલ ગામના ટેટબારી ખાતે શ્રીકૃષ્ણ સ્થાપક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહાનુભાવ સં-દાયના નેજા હેઠળ શ્રીકૃષ્ણ જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કપરાડા તાલુકા સહિત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડતાં સમગ્ર વિસ્તાર ભક્તિમય બન્યો હતો.

જન્માષ્ટમી નિમિત્તે ભજન-કીર્તન, પૂજા-અર્ચના સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે શ્રીકૃષ્ણના સત્ય, પ્રેમ, કરુણા અને નિ:સ્વાર્થ કર્મના સંદેશને જીવનમાં અપનાવવા તેમજ સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવના મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આંબા જંગલ ગામના માવજીભાઈ જાદવ, આગેવાન બાળુભાઈ શિંગાળા, ક્રિશન શિંગાડા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી પંથકમાં ઠેર ઠેર જન્માષ્ટમીની ઉજવણી કરાઈ



**વાપી, તા.૦૬ :** વાપી પંથકમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ એવા જન્માષ્ટમી પર્વની ભારે ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. રાત્રે બરાબર ૧૨ વાગ્યાના ટકોરે અનેક મંદિરો તેમજ ભક્તોના નિવાસસ્થાને ભગવાન શ્રીકૃષ્ણના જન્મની શુભ ઘડી ઉજવવામાં આવી હતી. તેમજ વાપી નજીકના નામધા કાંઠા ફળિયા ખાતે આવેલ ગુપ્તેશ્વર મહાદેવ મંદિર ખાતે ૨૪ કલાકની ભજન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરોમાં શંખનાદ, ઢોલ-નગારાના તાલ સાથે ભજન-કીર્તન અને જન્મોત્સવ બાદ મહાઆરતી યોજાઈ હતી. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' અને જય રણછોડ, માખણ ચોર'ના નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. બાલ સ્વરૂપ કાનુડાના દિવ્ય દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

વાપી ટાઉનના શ્રી પ્રણામી મંદિર તેમજ હનુમાન મંદિર સહિતના ધાર્મિક સ્થળોએ મધરાતે કાનુડાના દર્શન કરવા અને પારણું ઝુલાવવા માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વાપી તથા આસપાસના ગામડાઓમાં આવેલા અનેક મંદિરોમાં અખંડ ૨૪ કલાકની ભજન સપ્તાહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે જન્માષ્ટમીના બીજા દિવસે વિવિધ સ્થળોએ પરંપરાગત મટકી ફોડ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ખતલવાડા ગ્રા.પં. વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું



**ઉમરગામ, તા.૦૭ :** ઉમરગામ તાલુકામાં દર રવિવારે ધારાસભ્ય રમણભાઈ પાટકર, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, તથા વિવિધ સમાજના આગેવાનો આરોગ્ય વિભાગના કર્મચારીઓ, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડોક્ટર નિરવ શાહ તથા મહામંત્રીઓ અને હોદ્દેદારો, મહિલા મોરચાના સક્રિય સભ્યોની ઉપસ્થિતિમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ કરી કચરાનો નિકાલ કરવા સાથે લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતતા આવે તે માટેના પ્રયાસો થતા જોવા મળે છે. અગાઉ ફેણસા અને ત્યારબાદ માંડા ગ્રામ પંચાયત બાદ ખતલવાડ ગ્રામ પંચાયતમાં સફાઈ અભિયાન શરૂ કરાવ્યું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકર એ સફાઈ અભિયાન અંતર્ગત સ્વચ્છતા અંગે જાગૃતતા લાવવાનો પ્રયાસ અને તેનાથી થતા ફાયદાઓ વિશે ઉપસ્થિત અને વિસ્તૃત જાણકારી આપી હતી અને તાલુકા વિસ્તારના લોકોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો. સ્વચ્છતા ને કારણે બીમારીનું પ્રમાણ ઘટ્યું હોવાનું જણાવી જાહેર સ્થળો પર ગંદકી ન ફેલાય તે માટે તંત્ર અને લોકો સ્વયંભૂ જાગૃત બની કાળજી રાખે તેમ જણાવ્યું હતું. ખતલવાડ ગ્રામ પંચાયત સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલે કાર્યક્રમમાં આમંત્રણ ને માન આપી ઉપસ્થિત રહેલા સૌનો આભાર માન્યો હતો.

## ગુંજન ખાતે શિશુવિહાર સ્કૂલમાં જન્માષ્ટમી ઉજવાઈ




**વાપી, તા.૦૭ :** અત્રે ગુંજન સ્થિત શિશુવિહાર સ્કૂલમાં કૃષ્ણ જન્મની ધામધૂમથી ઉજવણી કરવામાઆવી હતી.

શિશુ વિહાર માં બાળ કૃષ્ણની બાળલીલા ની ઝાંખીઓનું આયોજન થયું હતું જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રોગ્રામમાં પ્રાણ પૂરી દીધા હતાવાલીઓ તો પ્રોગ્રામને નિરખીને જુમી ઉઠ્યાતા સાથે સાથે દહીં હાંડી નો પ્રોગ્રામ વિશેષ રહ્યો હતો શાળાના -િન્સિપાલ તરફથી બાળકોને ગિફટ વિતરણ કરવામાં આવ્યું હતું તથા કોમ્પિટિશનમાં ભાગ લેનાર માતાઓને પણ વિશેષ ઈનામો આપવામાં આવ્યા હતાસ્કૂલ તરફથી હળવો નાસ્તો તેમજ બિસ્કીટના પેકેટનુંવિતરણ કરવામાં આવ્યું હતું પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના પ્રિન્સિપાલ પ્રીતિબેન વી એચ રાજપાલ તથા સ્ટાફ મેમ્બર્સ સીમાબેન શમીમાબેન ખુશીબેન તથા હેતલબેન ને સહકાર આપ્યો હતો નંદ ઘેર આનંદ ભયોના નાદથી સમસ્ત વાતાવરણપાવન થઈ ધમધમી ઉઠ્યું હતું.

## ઉમરસાડી ખાતે અનાવિલ ઉત્કર્ષ મંડળ દ્વારા જન્માષ્ટમી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૭ :** પારડી તાલુકાના ઊમરસાડી દેસાઈ વાડ ખાતે શ્રી અનાવિલ ઉત્કર્ષ મંડળ દ્વારા જન્માષ્ટમી નિમિતે છેલ્લા ૭૬ વર્ષ થી ગામ ના મોહનેશ્વ મહાદેવ મંદિર ખાતે ૨૪ કલાક ભજન કરવામાં આવે છે. આ ઊજવણી માં ૬ ફળિયા ના ભજન મંડળો સવારે ૨ કલાક અને સાંજે ૨ કલાક એમ ભજન ની વારી માં ભક્તિ પૂર્વક ભજનો કરે છે.

બીજે દિવસે સવારે ગામ ના નવ યુવાનો દ્વારા મટકી ફોડી અને કૃષ્ણ ભગવાની ની પાલખી યાત્રા લડવામાં આવે છે. ગામના વડીલો વૃદ્ધો જે મંદિર માં દર્શને ન આવી શકતા હોય એવા વૃધ્ધો વડીલોને ઘરે દર્શન કરાવવામાં આવે છે અનાવિલોના આંગળીની વેઢે ગણાતા ગામો હશે જીયા હજી પણ આ પરંપરા ચાલી આવે છે ઉમરસાડી દેસાઈવાડમાં થતો આ મહોત્સવ ગામમાં એકતાની ભાવના જળવાઈ રહે એનો મુખ્ય ઉદ્દેશ પણ બની રહે છેગામની પાંચમી પેઢી હશે જે આજે પણ આ મહોત્સવની ખુબજ ઉત્સાહ થી ઉજવણી કરી રહી છે.

## સેલવાસની લાયન્સ ઈંગ્લિશ સ્કૂલમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

**સેલવાસ, તા.૦૭ :** લાયન્સ કલબ ઓફ સિલવાસા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઑફ કોમર્સ એન્ડ સાયન્સ અને હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઑફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે લાયન્સ કેમ્પસ ખાતે શિક્ષક દિવસની હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે માનનીય અધ્યક્ષ ફતેહસિંહજી એમ. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સંયુક્ત સેક્રેટરી જયેન્દ્રસિંહ રાઠોડ, કોષાધ્યક્ષ વિશ્વેશ દવે, સંયુક્ત કોષાધ્યક્ષ હીરાભાઈ પટેલ, મેનેજિંગ કમિટી સભ્ય અભિષેકસિંહ ચૌહાણ, શાળાના આચાર્યા નિરાલી પારેખ, ઉપઆચાર્યાઓ પારુલ ગુપ્તા, મમતા નગરકોટી, દેવકી બા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના પ્રાચાર્યા ડૉ સીમા પીલ્લઈ,ઉપપ્રાચાર્યા જહાનવી આરેકર, હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના પ્રાચાર્યા ડૉ શિલ્પા તિવારી પ્રાધ્યાપકગણ, શિક્ષકગણ તેમજ બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોને રોપાઓ અર્પણ કરીને એક અનોખી અને અર્થસભર રીતે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. ઉજવણીને આગળ વધારતાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. નૃત્ય, સંગીત અને અન્ય મનમોહક પ્રસ્તુતિઓથી સમગ્ર વાતાવરણ ઉત્સાહ અને આનંદથી ભરાઈ ગયું. વિદ્યાર્થીઓની પ્રસ્તુતિઓમાં તેમના શિક્ષકો પ્રત્યેનો પ્રેમ, આદર અને કૃતજ્ઞતા સુંદર રીતે પ્રતિબિંબિત થઈ. આ ઉપરાંત મનોરંજક પ્રવૃત્તિએ કાર્યક્રમમાં આનંદ અને ઉલ્લાસનો ઉમેરો કર્યો અને સૌ માટે આ પ્રસંગને યાદગાર બનાવ્યો. ઉજવણીની એક વિશેષ ક્ષણ તરીકે પ્રતિષ્ઠિત ગુરુરત્ન એવોર્ડ્સ ની જાહેરાત કરવામાં આવી. શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વકની સેવા, સમર્પણ અને મૂલ્યવાન યોગદાન બદલ શિક્ષકોને આ સન્માન આપવામાં આવ્યું હતું.

### ધારાસભ્ય પાટકરની આગેવાનીમાં પ્રતિનિધિ મંડળની મુલાકાતમાં

## ઉમરગામના વિકાસના પ્રશ્નો કલેકટર સમક્ષ રજૂ કરાયા

**ઉમરગામ, તા.૦૭ :** ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકરની આગેવાનીમાં સરપંચો, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો તથા નોટિફાઈડ બોર્ડના ચેરમેન સહિતનું પ્રતિનિધિ મંડળ જિલ્લા કલેકટરને રૂબરૂ મળ્યું હતું. મુલાકાત દરમિયાન તાલુકાના વિવિધ વિભાગોને લગતા આશરે આઠ જેટલા મહત્વના પ્રશ્નો અંગે વિસ્તૃત રજૂઆત કરી ચર્ચા કરવામાં આવી હતી.



પ્રતિનિધિ મંડળ દ્વારા ગ્રામ પંચાયત વિસ્તારોમાં કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટેની વ્યવસ્થા, મંજૂર થયેલા રસ્તા અંગે રજૂ થયેલા વાંધા સહિતના પ્રશ્નો કલેકટર સમક્ષ મૂકવામાં આવ્યા હતા. રસ્તાના પ્રશ્ને ધારાસભ્ય રમણભાઈ પાટકરે વિસ્તારપૂર્વક પોતાની રજૂઆત કરી હતી અને સંબંધિત રસ્તો વિસ્તારના લોકો માટે શા માટે ઉપયોગી અને જરૂરી છે તેની જાણકારી પણ આપી હતી.

તદુપરાંત મરોલી સ્કૂલને લગતા પ્રશ્નો તેમજ ભઠ્ઠી કરમબેલી ખાતે સર્વ સમાજના ઉપયોગ માટે નિર્માણ પામનાર હોલ સામે રજૂ થયેલા વાંધા અંગે પણ ધારાસભ્ય તથા પ્રતિનિધિ મંડળે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ ઉપરાંત તાલુકાના વિકાસ સાથે સંકળાયેલા તેમજ જાહેર હિતના અન્ય મહત્વના પ્રશ્નો અને વિષયો અંગે પણ કલેકટર સાથે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

તાલુકામાં વિકાસના કામો રૂંધાય નહીં અને લોકોને જરૂરી સુવિધાઓનો લાભ સમયસર મળી રહે તે હેતુથી રજૂ કરાયેલા પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરવા ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા પ્રતિનિધિ મંડળે જિલ્લા કલેકટરને વિનંતી કરી હતી. રજૂઆતોને શાંતિપૂર્વક સાંભળ્યા બાદ જિલ્લા કલેકટરે તમામ પ્રશ્નોનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. સાથે જ સંબંધિત પ્રશ્નોને જરૂરી કાર્યવાહી માટે સંબંધિત વિભાગના અધિકારીઓના ધ્યાને મૂકવા જણાવ્યું હતું. પ્રતિનિધિ મંડળમાં તાલુકા પંચાયત સરપંચ સંઘના પ્રમુખ રાકેશભાઈ વઘાત, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ, નરેશભાઈ પરમાર, ખતલવાડ જિલ્લા પંચાયત સભ્ય ભાવિનીબેન, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, કારોબારી અધ્યક્ષ મનીષભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય દીપકભાઈ મિસ્ત્રી, સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારી, ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિનિધિ મંડળના સભ્યોએ જિલ્લા કલેકટરના સકારાત્મક અભિગમને બિરદાવ્યો હતો અને તમામ પ્રશ્નોને ધીરજપૂર્વક સાંભળી તેના નિયમસર નિકાલ માટે ખાતરી આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## બાલચોંડી અંબેમાતા કન્યા વિધાલયમાં વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

**કપરાડા, તા.૦૭ :** કપરાડા વિભાગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી અંબેમાતા કન્યા વિધાલય માં ધોરણ ૯ થી ૧૨ વિધાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લઈ ૪૬ થી વધુ વિવિધ વૈજ્ઞાનિક મોડલ અને પ્રોજેક્ટો ની કૃતિઓ પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઉદ્ઘાટક તરીકે નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ મનીષાબેન પટેલ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી ,કપરાડા ધારાસભ્ય અને શાળાના સ્થાપક જીતુભાઈ ચૌધરી, શાળા સંકુલના ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ, શાળા આચાર્ય જયદીપભાઈ મહેતા, મોટાપોંઢા કોલેજના પ્રાધ્યાપિકા અને પુસ્તક બરબ વલસાડના ચેરમેન ડૉ આશાબેન ગોહિલ, અશ્વમેઘ ગ્રુપના શાળા સંકુલના ડાયેક્ટર સહિત ટ્રસ્ટીઓની ઉપસ્થિતમાં વિજ્ઞાન પ્રદર્શનની કૃતિઓને નિહાળી બાળકો સાથે સંવાદો કરી પ્રેરણા અને માર્ગદર્શ પૂરું પાડ્યું હતું. આ પ્રદર્શન ની નિહાળવા આ વિસ્તાર ની ૧૭ જેટલી ૭ થી ૮ ની પ્રાથમિક શાળાઓ ના ૮૦૦ થી વધુ બાળકો આવ્યા હતા.બાળકો માં વિજ્ઞાન પ્રત્યે ની અભિરુચિ વધે અને બાળકો માં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તેવો પ્રયાસ શ્રી અંબેમાતા કન્યા વિધાલય બાલચોંડી દ્વારા પૂરો પ્રયત્ન કરવા માં આવ્યો હતો. આ પ્રદર્શન નું નિષ્પક્ષ અને યોગ્ય મૂલ્યાંકન થાય તેના માટે ૬ જેટલા નિર્ણાયકો ૬ થી ૮ ધોરણ ના ગણિત - વિજ્ઞાન ના શિક્ષકો દ્વારા ખૂબ સારું મૂલ્યાંકન કરી વિભાગ પ્રમાણે ૧ થી ૩ ક્રમ આપી બાળકો માં રહેલી વૈજ્ઞાનિક વિચારધારા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ને વધુ વેગ આપ્યો હતો. આ કારક્રમ માં નાનાપોંઢા એન આર રાઉત ના આચાર્ય વિનોદભાઈ રાઉત, શાળા ટ્રસ્ટી અને નાનાપોંઢા ચિરંજીવી હોસ્પિટલના સર્જન ડૉ દિવ્યેશભાઈ ચૌધરી, શાળા ટ્રસ્ટના



મંત્રી ગુલાબભાઈ પટેલ, કોઠાર ગામ ના પૂર્વ તાલુકા પંચાયતના સભ્ય વિજયભાઈ એન પટેલ, પુસ્તક બરબ વલસાડ ના પ્રોજેક ચેરમેન હાર્દિકભાઈ ટંડેલ, આ વિસ્તારી ૧૭ વધુ પ્રાથમિક શાળાના આચાર્યો, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

## વાપીમાં આરએસએસના શતાબ્દી વર્ષ નિમિત્તે યુવા સંમેલન યોજાયું




**વાપી, તા.૬:** વાપીના નામધા રાફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે સવારે ૯ વાગ્યાથી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાયેલા સંમેલનમાં મોટી સંખ્યામાં યુવા-યુવતીઓ તેમજ પરિણીત મહિલાઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત રમતો, ગીતો અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. સંમેલન દરમિયાન વાપીના વિસ્તરણ પ્રભારી પંકજભાઈ લાખાણીએ સંવાદ સત્રનું સંચાલન કર્યું હતું. નવસારી વિભાગના સંવાદિતા સંયોજક શ્રીકાંતભાઈ જોશીએ રાષ્ટ્ર સેવા અંગે યુવાનોના પ્રશ્નોના જવાબ આપી દેશભક્તિની ભાવના જાળવી રાખીને સમાજ સેવામાં જોડાવા પ્રેરણા આપી હતી.

સંમેલનમાં યુવાનો અને મહિલાઓએ અઠવાડિયામાં ઓછામાં ઓછા બે કલાક સમાજ સેવામાં સમર્પિત કરવાનો સંકલ્પ લીધો હતો.

કાર્યક્રમના અંતે શહેર પ્રભારી શ્યામભાઈ રાવલે રાફેલ કોલેજના સંચાલકો તેમજ ઉપસ્થિત યુવક-યુવતીઓનો આભાર માન્યો હતો.

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 08, September 2026

DGT આપનું અખબાર : આપનો અવાજ

● વલસાડ
● અતુલ
● ગુંદલાવ
● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૩૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

### સુરતમાં યોજાયેલ પેરા યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપમાં

## વલસાડના દિવ્યાંગ ખેલાડીઓએ ૫ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ મેળવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** જીવન ભારતી સ્કૂલ,ગાંધી સ્મૃતિ પાસે, નાનપુરા,સુરત માં યોજાયેલ -થમ પેરા યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપ ૨૦૨૬ માં નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ વલસાડના ૭ યોગાસન દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં OH-A/B, બ્લાઈન્ડ તથા ડેફ કેટેગરીમાં ૨૦ વર્ષ થી નીચે અને ૨૦ વર્ષથી ઉપરની વય જૂથ ની સ્પર્ધાઓ થઈ જેમાં ગુજરાતના અલગ અલગ જિલ્લાઓથી પેરા યોગાસન સ્પોર્ટ્સ ના ખેલાડીઓએ ભાગ લીધો,વલસાડ જિલ્લાની ૨૦ વર્ષથી ઉપરની બહેનોની વય જૂથમાં બ્લાઈન્ડ ખેલાડી સંજનાબેન પટેલે ગોલ્ડ મેડલ,લતાબેન ગાવિત સિલ્વર મેડલ, નેત્રહીન ભાઈઓમાં ૨૦ વર્ષથી ઉપરના વય જૂથમાં મેહુલભાઈ ચૌધરી ગોલ્ડ મેડલ, તેમજ નેત્રહીન બહેનોની ૨૦ વર્ષથી નીચેના વય જૂથમાં જાગૃતિબેન જાંજરે ગોલ્ડ મેડલ,નેત્રહીન ભાઈઓની ૨૦ વર્ષ થી નીચેની વય જૂથમાં સુનિલભાઈ ભુજાડે ગોલ્ડ મેડલ,હિરેન બસવા સિલ્વર મેડલ મેળવ્યા હતા જ્યારે શારીરિક ક્ષતિ ગ્રસ્ત OH A/B કેટેગરીમાં ૨૦ વર્ષથી નીચે ભાઈઓની કેટેગરીમાં મીતકુમાર પટેલ શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, વિજેતા ખેલાડીઓ આગામી સમયમાં નવી દિલ્હીમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાત રાજ્યનું ગૌરવ વધારશે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ના સહયોગથી પેરા સ્પોર્ટ્સ એસોસિયેશન સુરત તથા ડિસ્ટ્રિક્ટ યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન સુરત,ધ સોસાયટી ફોર ફિઝિકલ હેન્ડિકેપ સુરતા પેરા યોગાસન એકેડમીના સંયુક્ત સહયોગથી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જી.વાય.એસ.એ.ના સેક્રેટરી જનરલ ઉમંગ ડોન અને વલસાડ જિલ્લા યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન કોઓર્ડીનેટર પૂનમ બોડાવાલાના માર્ગદર્શન હેઠળ જોઈન્ટ કોઓર્ડીનેટર નિલેશ કોસિયાએ યોગાસન ખેલાડીઓને સ્પર્ધાની તાલીમ આપી હતી,જ્યારે અમીબેન પટેલ નેશનલ એસોસિયેશન ફોર બ્લાઈન્ડ વલસાડના ડાયરેકટર અમીબેન પટેલ દ્વારા દિવ્યાંગ બાળકોને સ્પર્ધા માટે સહકાર આપી તૈયાર કરી મનોબળ પૂરું પાડવા અને મેડલ જીતી સંસ્થાનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## વલસાડ, દમણ અને દાનહ કેટરિંગ એસોસિએશનની બેઠક મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લા-દમણ-દાદરા-નગરહવેલી કેટરિંગ એસોસિએશનની મહત્વપૂર્ણ બેઠક આજે યોજાઈ હતી, જેમાં જિલ્લાના કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કેટરિંગ ક્ષેત્રમાં એકતા, પરસ્પર સહકાર, વ્યવસાયિક શિસ્ત, સ્વચ્છતા, ગુણવત્તા અને સભ્યોના હિત અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેટરિંગ ક્ષેત્રને વધુ સંગઠિત અને વ્યવસ્થિત બનાવવા માટે વર્ષ ૨૦૨૬-૨૦૨૮ માટે નવી ટીમની રચના કરવામાં આવી તેમજ એસોસિએશન દ્વારા કેટરિંગ વ્યવસાય માટે જરૂરી નિયમો અને માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી હતી.

નવી ટીમ ૨૦૨૬-૨૦૨૮ ના વર્ષ માટે પ્રમુખ તરીકે મનીષભાઈ શાહ - રંગોલી કેટરર્સ, વાપી ઉપપ્રમુખ હેમલભાઈ શાહ - મધુર કેટરર્સ, વલસાડ મંત્રી સુનીલભાઈ લાલન - અમી કેટરર્સ, વાપીસહ મંત્રી મનીષભાઈ શાહ - અંજન કેટરર્સ, સેલવાસ ખજાનચી વિનોદભાઈ શર્મા - શર્મા કેટરર્સ, વાપી સહ ખજાનચી યજ્ઞેશભાઈ બારોટ - અક્ષત કેટરર્સ, વલસાડની વરણી કરવામાં આવી હતી જ્યારે કારોબારી સમિતિ માં ભાષિન દેસાઈ - સત્યમ કેટરર્સ, વલસાડ, મંગલભાઈ ભાનુશાલી - જય કેટરર્સ, વલસાડ લક્ષ્મણભાઈ માલી - અંજલિ કેટરર્સ, વલસાડ, પુનિતભાઈ કોટક - કૃષ્ણા કેટરર્સ, વાપી, સોનુભાઈ - મનીષ કેટરર્સ, વાપી, હર્ષલભાઈ દરજી - જય જલારામ કેટરર્સ,વાપી ની વરણી કરી છે.

સલાહકાર સમિતિ માં રીતેનભાઈ શાહ - રંગોલી કેટરર્સ, વાપીશરદભાઈ દોશી - ઋષભ કેટરર્સ, વાપી વસંતભાઈ ભાનુશાલી- જય કેટરર્સ, વલસાડને લેવામાં આવ્યા છે જ્યારે આ બેઠકમાં કેટરિંગ વ્યવસાયમાં ગુણવત્તા અને વ્યવસાયિક ધોરણો જળવાઈ રહે તે માટે નીચેના મહત્વપૂર્ણ નિયમો નક્કી કરવામાં આવ્યા, તમામ કેટરર્સે એકતા અને ભાઈચારાની ભાવના સાથે સાથે મળીને કામ કરવું, એસોસિએશન દ્વારા બનાવવામાં આવેલા તમામ નિયમોનું તમામ સભ્યો દ્વારા પાલન કરવું, નવી ટીમે વલસાડ જિલ્લાના તમામ કેટરર્સને સાથે લઈને કેટરિંગ વ્યવસાયને વધુ વ્યવસ્થિત, પારદર્શક અને ગુણવત્તાસભર બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

એસોસિએશનનો મુખ્ય ઉદ્દેશ કેટરર્સ વચ્ચે એકતા જાળવીને ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તાની સેવા આપવી અને વલસાડ જિલ્લાના કેટરિંગ વ્યવસાયની પ્રતિષ્ઠાને વધુ ઊંચાઈએ લઈ જવાનો રહેશે.

## રાબડાના વિશ્વંભરી તીર્થયાત્રા ધામે શ્રાવણ માસમાં ભક્તોની ભીડ ઉમટી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ તાલુકા ના રાબડા ગામે આવેલા મા વિશ્વંભરી તીર્થયાત્રા ધામે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યાં હતાં. ખાસ કરીને જન્માષ્ટમીના પાવન દિવસોમાં ધામમાં શ્રદ્ધાળુઓનો વિશેષ પ્રવાહ જોવા મળ્યો હતો. પરાશક્તિ મા વિશ્વંભરીના દિવ્ય દર્શન કરીને ભક્તોએ આધ્યાત્મિક શાંતિ, આનંદ અને ધન્યતાની અનુભૂતિ કરી હતી. ધામમાં આવેલી અલૌકિક પાઠશાળામાં ભાગ્યવિધાતા મા વિશ્વંભરીના ચૈતન્ય સ્વરૂપના દર્શન ભક્તોને મંત્રમુગ્ધ કરી દે છે. હિમાલયની ગુફાની પ્રતિકૃતિમાં સ્થાપિત શિવલિંગના દર્શન શ્રદ્ધાળુઓને ભક્તિભાવથી ઓતપ્રોત કરી દે છે. ગોકુલધામમાં શ્રીકૃષ્ણ દ્વારા ગોવર્ધન પર્વત ધારણ કરવાની દિવ્ય લીલાની સુંદર પ્રતિકૃતિ તેમજ નંદબાબાની કુટીરનું મનોહર નિર્માણ કરવામાં આવ્યું છે, જે દર્શનાર્થીઓને શ્રીકૃષ્ણના જીવન-સંગોની જીવંત અનુભૂતિ કરાવે છે.

વૈકુંઠધામમાં આવેલી આદર્શ ગૌશાળા પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર છે. માનવીને સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ સમજાવી સત્ય ધર્મ-કર્મ અને સાચી ભક્તિ તેમજ આધ્યાત્મના માર્ગે આગળ વધવાની પ્રેરણા અહીંથી પ્રાપ્ત થાય છે.

## બીનવાડા જલારામ મંદિરે જન્માષ્ટમી પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ ના બીનવાડા ગામે પૂ. જલારામ બાપાના મંદિરે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ કૃષ્ણજન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. છેલ્લા ૩૦ વર્ષથી ઉજવાઇ રહેલ શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં ગામના તથા આજુબાજુના વિસ્તારના ભજન મંડળીઓએ ભાગ લીધો અને રાત્રે ૧૨ કલાકે જન્મોત્સવ સમયે તમામ ભક્તજનો ભાવવિભોર બની જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલખીના નારા ગુંજયા આખી રાત ભજન કીર્તનો થયા સવારે ૮:૩૦ કલાકે ભજન કીર્તનની પૂર્ણાહુતિ થઈ

બપોરે ૨:૩૦ કલાકે જલારામ મંદિરથી ગામના રામજી મંદિરે પાલખીયાત્રા નીકળી ગામના મહલ્લે મહોલ્લે મટકી ફોડવાનો કાર્યક્રમ થયો મોટી સંખ્યામાં લોકો પાલખીયાત્રામાં જોડાયા રામજી મંદિરે તળાવના ઓવારે તમામ ભક્તજનોએ લાલજી મહારાજને સ્નાન કરાવી જલારામ મંદિરે પરત ફર્યા આમ ભક્તિ ભાવથી શાંતિથી આનંદ ઉલ્લાસથી ઉત્સવ પૂર્ણ થયો. સમગ્ર ઉત્સવની ઉજવણી જલારામ મંદિર સમિતિ તથા ગ્રામજનો ભેગા મળી કરી હતી.

## વલસાડના તડકેશ્વર મંદિરમાં કાનુડાની આકર્ષક છબી કંડારાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** જન્માષ્ટમી પર્વ નિમિત્તે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જાયો છે, ત્યારે વલસાડ નજીક અબ્રામા સ્થિત અતિ પૌરાણિક અને આસ્થાના પ્રતીક સમાન શ્રી તડકેશ્વર મહાદેવ મંદિરમાં હરિ અને હરનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો.

જન્માષ્ટમીના પાવન અવસર પર મંદિરના સ્વયંભૂ સુતેલા શિવલિંગને શ્રદ્ધાળુઓ અને પૂજારીઓ દ્વારા માખણનો વિશેષ લેપ લગાવીને મનમોહક રીતે સજાવવામાં આવ્યું હતું. બાળગોપાલના પ્રિય એવા તાજા માખણથી શિવલિંગનું કરાયેલું ડેકોરેશન દર્શનાર્થીઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ સાથે જ શિવલિંગની બરાબર બાજુમાં ભગવાન શ્રીકૃષ્ણની નયનરમ્ય છબી કંડારવામાં આવી હતી, જેણે ભક્તોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શિવાલયમાં શિવ અને કૃષ્ણ ભક્તિનો આવો સુંદર ત્રિવેણી સંગમ જોઈ દર્શનાર્થીઓ ધન્યતા અનુભવી રહ્યા હતા. પર્વ નિમિત્તે વહેલી સવારથી જ સ્થાનિક ભક્તોની સાથે સાથે આસપાસના વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો દર્શન માટે ઉમટી પડ્યા હતા અને સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'જય શ્રી કૃષ્ણ'ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

## ગુંદલાવની લક્ષ્મીબા પ્રા. શાળામાં જન્માષ્ટમી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ નજીક ના ગુંદલાવ ગામે આવેલી ગુંદલાવ - વનાંચલ કેળવણી ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મીબા બાલમંદિર અને લક્ષ્મીબા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના નાના ભૂલકાઓએ કૃષ્ણ અને રાધાના આકર્ષક વેશ ધારણ કરી સૌનું મન મોહી લીધું હતું. બાળકોએ પરંપરાગત પોષાકો પેહરી ભગવાન શ્રીકૃષ્ણના બાળ સ્વરૂપને જીવંત કર્યું હતું. શાળામાં મટકી ફોડ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જન્માષ્ટમીની ઉજવણી કરી હતી. શાળાનું વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું અને બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શિક્ષકો દ્વારા બાળકોને શ્રી કૃષ્ણના જીવનમાંથી સત્ય, કર્તવ્ય, પ્રેમ અને મિત્રતાના ગુણોની સમજ આપવામાં આવી અને અંતે પ્રસાદ વહેંચી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## વલસાડની દોલત-ઉષા કોલેજનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ કરાટે બહેનોની સ્પર્ધાનુ આયોજન તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં દોલત-ઉષા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ-સરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડ કોલેજના રિયા કે. તિવારી (FYBSc.Computer Science) એ -૫૦ KG વજન કેટેગરી સ્પર્ધામાં ભાગ લઈ બ્રોન્ઝ મેડલ અને કુ. એબિગેલ એમ. પરમાર (FY BSc Microbiology) એ ૬૮ KG વજન કેટેગરી સ્પર્ધામાં ભાગ લઈ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા.

આ સિધ્ધી બદલ કોલેજના આચાર્ય ડો.સ્નેહલ કે. જોશી, શારીરિક શિક્ષણના પ્રા. ડો.ભાવિન એમ. પટેલ તથા વિવિધ વિભાગીય વડાઓ અને સ્ટાફે મેડલ વિજેતા ખેલાડી બહેનોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

### 'ક્લિન તિથલ-ક્લિન વલસાડ'ના સંકલ્પ સાથે વલસાડ જિલ્લા કલેક્ટરની આગેવાનીમાં

## તિથલ બીચ પર સફાઈ અભિયાન યોજાયું

**તિથલ અને આસપાસના ૪ કિમી વિસ્તારમાં ત્રણ કલાક સુધી સફાઈ કરી : આરોગ્ય, પોલીસ, હોમગાર્ડ, એનસીસી, એનએસએસ સહિત વિવિધ સંસ્થાના અંદાજે ૭૦૦ સેવાભાવી લોકો જોડાયા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના સ્વચ્છતા હી સેવાના સંકલ્પને સાકાર કરવા વલસાડ જિલ્લા કલેકટર નીતિન સાંગવાનના વડપણ હેઠળ રવિવારે વલસાડના રમણીય તિથલ બીચ ખાતે 'ક્લિન તિથલ-ક્લિન વલસાડ'ની ટેગલાઈન સાથે વિશાળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સવારે ૮થી ૧૧ વાગ્યા સુધી સતત ત્રણ કલાકના આ અભિયાનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચાર ટીમ બનાવી તિથલ બીચ તેમજ આસપાસના આશરે ૪ કિમી વિસ્તારની સફાઈ હાથ ધરવામાં આવી હતી.

સ્વચ્છતા અભિયાનમાં આરોગ્ય વિભાગ, પોલીસ, હોમગાર્ડ, એનસીસી, એનએસએસ તેમજ વિવિધ ખાનગી અને સેવાભાવી સંસ્થાના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓએ પણ સફાઈ અભિયાનમાં સહભાગી બની લોકોને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. સાથે ઉપસ્થિત સૌએ તિથલ બીચને સ્વચ્છ અને સુંદર રાખવા માટે સંકલ્પ લીધો હતો.

જિલ્લા કલેકટર નીતિન સાંગવાને જણાવ્યું કે, પોતે પણ ગંદકી ન કરવી અને બીજાને પણ ગંદકી કરતા અટકાવવી એ જાગૃત નાગરિક તરીકે આપણી સૌની જવાબદારી છે. સાથે જ તેમણે સફાઈ કામદારોના યોગદાનને બિરદાવતા જણાવ્યું કે, લોકો ગંદકી ફેલાવે છે અને સફાઈ કામદારો તેને સાફ કરે છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ સફાઈ કામદારોનું સન્માન કરતા હતા.

આ સફાઈ અભિયાનમાં તિથલ ગામના સરપંચ રાકેશભાઈ પટેલ, વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી એ.વી. ડાંગી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંઘ, શિક્ષણ વિભાગના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર બીપીનભાઈ પટેલ, જિલ્લા રમતગમત અધિકારી જી.જી. વળવી સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાઓના અંદાજે ૭૦૦ લોકો જોડાયા હતા.

### કલેક્ટર નીતિન સાંગવાને વિદ્યાર્થીઓને સ્વચ્છતાના પાઠ ભણાવ્યા

જિલ્લા કલેકટર નીતિન સાંગવાને વલસાડની વિવિધ કોલેજમાંથી જોડાયેલા એનએસએસ અને એનસીસીના વિદ્યાર્થીઓને સફાઈ અભિયાનની સાથે બારીકાઈપૂર્વક સ્વચ્છતાના પાઠ પણ ભણાવ્યા હતા. સફાઈ અભિયાન દરમિયાન જે પણ કચરો મળે તેનાથી થતા નુકસાન અંગે પણ સમજાવ્યુ હતું. જેમ કે, માઈક્રો પ્લાસ્ટીક, સિંગલ યુઝ પ્લાસ્ટીક અને થર્મોકોલ સહિતની બાબતો અંગે વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી પણ જ્ઞાનમાં વધારો કરી તેમના સવાલોના જવાબ પણ કલેકટરએ આપ્યા હતા. આ તબક્કે વિદ્યાર્થીઓએ પણ કલેકટર પાસેથી સ્વચ્છતાના પાઠ શીખી યુથ તરીકે દેશના વિકાસમાં પોતાનું સર્વોચ્ચ યોગદાન આપવાની પ્રેરણા પણ મેળવી હતી. કલેકટરએ રમત ગમતમાં રસ ધરાવતા યુવાનોને ફિટનેસ અંગે પણ ટીપ્સ આપી તેઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## પારનેરાની જાહેર માધ્યમિક શાળામાં શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** પારનેરા ગામે આવેલી જાહેર માધ્યમિક શાળામાં શિક્ષક દિવસ નિમિત્તે 'શિક્ષક સન્માન સમારોહ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ ચિંતક અશ્વિનભાઈ પટેલ, વલસાડ વિભાગ લોક સેવક સંઘ તથા જાહેર માધ્યમિક શાળા, પારનેરા પ્રગતિ મંડળ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકોના યોગદાનને બિરદાવવાનો તથા તેમને પ્રોત્સાહિત કરવાનો હતો.સમારોહ દરમિયાન જાહેર માધ્યમિક શાળા, પારનેરાના જે શિક્ષકોએ પોતાના વિષયમાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું, તેવા શિક્ષકોને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષકોની મહેનત, નિષ્ઠા અને વિદ્યાર્થીઓને સતત શ્રેષ્ઠ પરિણામ અપાવવા માટેની પ્રતિબદ્ધતાને આ સન્માન દ્વારા પ્રોત્સાહન મળ્યું હતું.



આ ઉપરાંત ભડેલી જગ્યા લાલ શાળાના જે શિક્ષકોએ સતત ચાર વર્ષથી પોતાના વિષયમાં ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે, તેમની શિક્ષણ ક્ષેત્રે સતત શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આવા સન્માનથી શિક્ષકોની મહેનત અને સતત શ્રેષ્ઠ પરિણામ આપવાની -તિબદ્ધતાને વધુ પ્રોત્સાહન મળ્યું હતું.સન્માનવિધિ પ્રમુખ રાજેશભાઈ સી. પટેલ તથા ઉપપ્રમુખ છગનભાઈ કે. ભાનુશાળીના શુભ હસ્તે કરવામાં આવી હતી. સન્માન પ્રાપ્ત કરનાર શિક્ષકોમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. શિક્ષકોએ પણ આ સન્માનને પોતાના કાર્ય પ્રત્યે વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે કામગીરી કરવાની પ્રેરણા ગણાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકો અને શાળાના સભ્યોમાં ઉત્સાહ તથા આનંદનો માહોલ જોવા મળ્યો હતો. શિક્ષકોના સન્માન દ્વારા શિક્ષણ અને શિક્ષક પ્રત્યે સમાજમાં આદરની ભાવનાને વધુ મજબૂત કરવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય કિરીટભાઈ આર. પટેલે ઉપસ્થિત તમામ મહાનુભાવો, સન્માનિત શિક્ષકો, ટ્રસ્ટના હોદ્દેદારો તથા કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સૌના સહકાર બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમણે કાર્યક્રમની વિધિવત પૂર્ણાહુતિ જાહેર કરી હતી.આ સમગ્ર શિક્ષક સન્માન સમારોહ ગૌરવપૂર્ણ, પ્રેરણાદાયી અને સફળ રહ્યો હતો.

### નેતાની ખાનગી જમીનના વિકાસ પાછળ

## વશીયરમાં સરકારી ખર્ચે બનેલ બ્રિજની કામગીરી અટકી

વલસાડ નજીક આવેલા વશીયર ગામે સરકારી તિજોરીમાંથી ખર્ચાયેલા કરોડો રૂપિયા જાહેર જનતા કરતાં કોઈ ચોક્કસ રાજકીય નેતાના અંગત આર્થિક સ્વાર્થ માટે વપરાયા હોવાના ગંભીર આક્ષેપોથી સ્થાનિક રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે.વશીયરમાં બનેલા બ્રિજ માં ગ્રાન્ટ માટે ભલામણ કરનાર ધારાસભ્ય, માર્ગ મકાન ઈજનેરો, વસીયર નનકવાડા ના સરપંચ સહિત આ કામગીરીમાં સંડોવાયેલા અન્ય લોકો સમયે હાઈકોર્ટમાં અપીલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતા બ્રિજ તેમજ જમીન ની સરકારી કામગીરી અટકી પડી છે.

વલસાડના વશીયરમાં અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કરાયું હતું. તેની સાથે જ વશીયર ગામ માં આવેલા સર્વે નં. ૩૭૮ (આશરે ૬ વીંઘા) તથા આસપાસના સર્વે નં. ૩૬૬, ૩૬૫, ૩૬૭ અને ૩૭૧ મળીને કુલ ૧૭.૫ વીંઘા જેટલી કિંમતી જમીન ભાજપના નેતા હર્ષદ કટારીયા અને તેમના પરિવારજનોના નામે આવેલી છે. આ ખાનગી જમીન સુધી સરળતાથી પહોંચી શકાય તે માટે નનકવાડા ગામના આદિત્ય નગરથી વશીયર રેલવે તરફ વાંકી નદી પર રૂ. ૩.૮૦ કરોડના સરકારી ખર્ચે બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત વાંકી નદીના કિનારે રૂ. ૮૦ લાખના ખર્ચે પ્રોટેક્શન વોલ પણ બનાવવામાં આવી છે. આમ, કુલ મળીને અંદાજે રૂ. ૪.૬૦ કરોડની



**વલસાડનો પત્ર**
**કમલેશ હરિયાવાલા, વલસાડ**

સરકારી ગ્રાન્ટ ખાનગી નેતાની કરોડોની જમીનને સીધો આર્થિક ફાયદો કરાવવા માટે વાપરવામાં આવી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

નનકવાડા અને વશીયર ગામના સરપંચો દ્વારા બ્રિજ બનાવવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.?વલસાડના ધારાસભ્ય ભરત પટેલે સરકારમાં ભલામણ કરીને રૂ. ૩.૮૦ કરોડનું પુલ બનાવવાની ગ્રાન્ટ મંજૂર કરાવી હોવાની ચર્ચા છે. ઉમરગામના ધારાસભ્ય દ્વારા ભાજપ નેતા હર્ષદ કટારીયાના ફાયદા માટે વાંકી નદી કિનારે રૂ. ૮૦ લાખની પ્રોટેક્શન વોલ મંજૂર કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

એક તરફ ધારાસભ્ય દ્વારા આ કામ પ્રજાહિતમાં કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ વાસ્તવિકતામાં આ માળખાકીય સુવિધા સામાન્ય જનતા કરતાં ચોક્કસ નેતાના અંગત સ્વાર્થ માટે જ ઊભી કરાઈ હોવાની ચર્ચાએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જોર પકડ્યું છે. જનતાના ટેક્સના કરોડો રૂપિયાના આવા દુરુપયોગ સામે વિપક્ષ કોંગ્રેસ પણ મેદાનમાં આવ્યું છે. આ સમગ્ર ભ્રષ્ટાચાર અને પક્ષપાતી કામગીરી સામે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉચ્ચ સ્તરીય તપાસ અને ન્યાયની માગણી કરવામાં આવી છે. વશીયરમાં બનેલા બ્રિજમાં ગ્રાન્ટ માટે ભલામણ કરનાર ધારાસભ્ય, માર્ગ મકાન ઈજનેરો, વસીયર નનકવાડાના સરપંચ સહિત આ કામગીરીમાં સંડોવાયેલા અન્ય લોકો સમયે હાઈકોર્ટમાં અપીલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતા બ્રિજ તેમજ જમીનની સરકારી કામગીરી અટકી પડી છે.

# અન્ય સમાચારો

Tuesday 08, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 08, September 2026

## વિકાસના સાચાં ચિત્રને સ્વીકારે વિપક્ષી નેતાઓ

ભારતે ૭.૮ ટકાનો વિકાસદર હાંસલ કરીને દુનિયાભરમાં પોતાની આર્થિક તાકાતનો પરચો કરાવી દીધો છે, પણ દેશના અર્થતંત્રની આ સફળતાની મીઠાશમાં વિપક્ષી નેતાગીરીની નકારાત્મક્તા બિનજરૂરી કડવાશ ઘોળી રહી છે. શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજધાની દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતાં આ મામલે વિપક્ષની આકરી ઝાટકણી કાઢીને કહ્યંક્ક કે, દેશને નબળાં પાડી રહેલાં પરિબળો હવે ૭.૮ ટકાના વિકાસદરને પચાવી શકતા નથી. મજબૂત વિકાસદરના સથવારે ભારતે ફરી એકવખત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકસતાં અર્થતંત્રનો ગૌરવભર્યો દરજ્જો હાંસલ કર્યો છે ત્યારે આ સફળતાની સામે કોઈપણ સવાલને વિરોધનો આધાર માનવામાં કોઈને કોઈ બહાના માટે સતત ટાંપીને રહેતા વિપક્ષી નેતાઓ ફરીવાર મેદાનમાં ઊતર્યા છે. આ વખતે અમુક નિવૃત્ત અમલદારો અને તેમાં પણ ખાસ તો માજી નાણા સચિવ સુભાષ ચંદ્રાએ આ વિકાસના આ આંકડાને ખોટા ઠેરવીને વિપક્ષી નેતાઓને વિરોધનું બહાનું આપી દીધું છે. શનિવારે વડાપ્રધાને આ સફળતા અને તે અંગે વિપક્ષી નેતાઓની પ્રતિક્રિયાની ઝાટકણી કાઢી તે અગાઉ વિકાસદરના પોરસાવે તેવા આંકડા જાહેર થયા ત્યારે પણ તેમણે નિરાશાવાદીઓને મોટો ઝટકો લાગ્યો હોવાનું કહ્યંક્ક હતું. પોતાના વિદેશ પ્રવાસ દરમ્માન મોદીનો આ પ્રતિભાવ સીધી રીતે વિપક્ષી નેતાઓ અને તેમાં પણ રાહુલ ગાંધી સામે કટાક્ષ સમાન હતો. ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય અર્થતંત્ર મૃતપ્રાય હોવાના દાવાને પણ વિપક્ષે સમર્થન આપ્યું હતું. નિવૃત્ત અમલદારોએ જીડીપીના આંકડા સામે સવાલ ખડા કર્યા બાદ કોંગ્રેસે મોદી સરકારની સામે મોરચો ખોલ્યો છે. તેનો દાવો છે કે, વાસ્તવિક વિકાસદર માત્ર ૨.૬ ટકા જ છે, પણ આ હાસ્યાસ્પદ દાવો કરતી કોંગ્રેસ વિસરી ગઈ છે કે, કોરોનાના કપરા કાળ બાદ દેશે જે વિકાસ સાધ્યો છે તે સૌ કોઈ જાણે છે.

### સંસ્થાએ કરી મોટી સ્પષ્ટતા

## ISRO નું ખાનગીકરણ નહીં થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭ : ISRO એ તાજેતરમાં ખાનગીકરણના આક્ષેપો અંગે સ્પષ્ટતા કરી છે. આમાં જણાવાયું છે કે, આ અહેવાલો પાયાવિહોણા છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) એ ભારપૂર્વક કહ્યું છે કે, તેને ન તો ખાનગીકરણ કરવામાં આવશે અને ન તો તેનું મહત્વ ઘટાડવામાં આવશે.

આ સ્પષ્ટતા ISRO ના કર્મચારી સંગઠનોમાં ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સની અવકાશ ક્ષેત્રમાં વધતી ભાગીદારી અંગેની ચિંતાઓ વચ્ચે આવી છે. ૪ સપ્ટેમ્બરના રોજ નવ કર્મચારી સંગઠને ISRO ના અધ્યક્ષ વી. નારાયણન સમક્ષ એજન્સીની ભવિષ્યની ભૂમિકા અંગે સ્પષ્ટતા માંગી હતી.

ISRO નું કહેવું છે કે, ખાનગી ક્ષેત્રની ભાગીદારીનો અર્થ ઈસરોની ભૂમિકા ઘટાડવાનો નથી પરંતુ ભારતના એકંદર અવકાશ ઈકોસિસ્ટમને વધુ મોટું અને મજબૂત બનાવવાનો છે. હવે પરિપક્વ તકનીકોનું ઉત્પાદન અને વિસ્તરણ ઉદ્યોગ તેમજ PSU દ્વારા કરી શકાય છે. ISRO અદ્યતન સંશોધન, આગામી પેઢીની પ્રક્ષેપણ પ્રણાલીઓ, માનવસહિત અવકાશ મિશન, ઊંડા અવકાશ મિશન અને વ્યૂહાત્મક ક્ષમતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. આ ખરેખર ISRO નું ખાનગીકરણ નથી પરંતુ ભારતના અવકાશ ક્ષેત્ર માટે એક મોટો પરિવર્તન છે.

## ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૬ પેટાચૂંટણીની સત્તાવાર જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવીદિલ્હી, તા.૭:ભારતીય ચૂંટણી પંચ દ્વારા દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ખાલી પડેલી ૬ મહત્વપૂર્ણ બેઠકો માટે પેટાચૂંટણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ચૂંટણીમાં આસામની નાગાંવ લોકસભા બેઠક ઉપરાંત પાંચ અલગ-અલગ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ અનુસાર, તમામ ૬ બેઠકો પર આગામી ૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જ્યારે ૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મતગણતરી પૂર્ણ કરી પરિણામો જાહેર કરવામાં આવશે. સંબંધિત જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સાંસદોના રાજીનામાને કારણે આ બેઠકો ખાલી પડી હતી, જેના પગલે હવે ત્યાં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

આ પેટાચૂંટણીમાં સૌથી મોટો રાજકીય ગરમાવો પશ્ચિમ બંગાળની હાઈ-પ્રોફાઈલ નંદીગ્રામ વિધાનસભા બેઠકને લઈને જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ બેઠક પર ભાજપના નેતા સુવેન્દુ અધિકારી સામે પરાજિત થયા હતા. ત્યારબાદ ૨૦૨૬ ની સામાન્ય વિધાનસભા ચૂંટણીમાં સુવેન્દુ અધિકારી ભવાનીપુર અને નંદીગ્રામ એમ બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા અને બંને બેઠકો પર તેમણે ભવ્ય વિજય મેળવ્યો હતો. જોકે, બે બેઠકો જીત્યા બાદ તેમણે પોતાની પરંપરાગત નંદીગ્રામ બેઠક પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો. હવે નંદીગ્રામ બેઠક ખાલી પડતાં જ રાજ્યના રાજકારણમાં સૌથી મોટો પ્રશ્ન એ ચર્ચાઈ રહ્યો છે કે શું મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતાના જૂના પરાજયનો બદલો લેવા માટે ફરીથી નંદીગ્રામના ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળની રેજીનગર વિધાનસભા બેઠક પર પણ પેટાચૂંટણી યોજાઈ રહી છે. રેજીનગરથી ચૂંટાયેલા હુમાયુ કબીરે નાઓડા બેઠક પરથી પણ વિજય મેળવ્યો હતો, જેથી તેમણે પાછળથી રેજીનગર બેઠક પરથી રાજીનામું આપતાં આ પેટાચૂંટણી આવી પડી છે. આસામની નાગાંવ સંસદીય બેઠકની વાત કરીએ તો, પૂર્વ સાંસદ પ્રદ્યુત બોરદોલોઈએ વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ પક્ષમાંથી છેડો ફાડી ભાજપમાં પ્રવેશ કર્યો હતો અને સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું, જેના લીધે આ લોકસભા બેઠક પર પેટાચૂંટણી જાહેર કરાઈ છે. દક્ષિણ ભારતમાં તમિલનાડુ રાજ્યની મદુરંતકમ બેઠકના ધારાસભ્ય મરાગથમ કુમારવેલ અને ધારાપુરમ બેઠકના ધારાસભ્ય પી. સત્યભામાના રાજીનામાને કારણે ત્યાં ચૂંટણી યોજાશે. કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં થટ્ટનચાવડી બેઠકના ધારાસભ્ય એન. રંગાસામીએ પદ છોડતાં ચૂંટણી પંચે આ બેઠક માટે પણ ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે.

## ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની સંભાવના

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭
આગામી વર્ષે ઉત્તર પ્રદેશ સહિત ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની શક્યતા છે. તેને લઈને અત્યારથી જ પાર્ટીઓએ રાજકીય સમીકરણ સાધવાના શરૂ કરી દીધું છે.

આ વચ્ચે હવે ચૂંટણીની તારીખોને લઈને ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. ચાર ચૂંટણી રાજ્યોમાં વસતી ગણતરીની તારીખોને પહેલા કરાવવાના અને મણિપુરમાં તેને ટાળવાના નિર્ણય બાદ એ લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭માં ચૂંટણીઓ યોજવામાં આવશે. તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠક છે.તમને જણાવી દઈએ કે, વસતી ગણતરી અને ચૂંટણી બંનેમાં સરકારી કર્મચારીઓ, ખાસ કરીને શિક્ષકોની જ ડ્યૂટી લાગે છે. એવામાં વસતી ગણતરીની તારીખો બદલાવાથી હવે એક મોટો વહીવટી ટકરાવ ટળી ગયો છે. હવે અપેક્ષા કરવામાં આવી રહી છે કે ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં ફેબ્રુઆરીથી મતદાનના તબક્કા શરૂ થઈ જશે.


## ભારતીય સેના વધુ સક્ષમ અને મજબુત થશે

(જી.એન.એસ) તા. ૭
નવી દિલ્હી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (ઢછઝ) એ લગભગ ૧.૧૦ લાખ કરોડ રૂપિયાના લશ્કરી ખરીદીના મોટા રાઉન્ડને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રાલયે રડાર, અદ્યતન હળવા હેલિકોપ્ટર અને મિકેનિકલ ખાણ સ્તરો સહિત ત્રણેય સેવાઓ માટે લશ્કરી હાર્ડવેરના સંપાદનને મંજૂરી આપી છે. કુલ ખરીદીનો લગભગ ૯૮ ટકા હિસ્સો ભારતીય ઉદ્યોગમાંથી મેળવવામાં આવશે.

ભારતીય સેનાને એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર મળશે

ભારતીય સેના માટે, ઝમ્ઈદ્ર-દૂષિત વિસ્તારોની શોધ, ઓળખ, દેખરેખ અને માર્કિંગ માટે ઝમ્ઈદ્ર ઈીજ્કી વાહનો, પડકારજનક ભૂપ્રદેશમાં ઓપરેશનલ ગતિશીલતા અને લોજિસ્ટિક્સ સપોર્ટને વધારવા માટે હાઇ મોબિલિટી વાહનો (ૐસ્ફજ), ઝડપી અને પ્રતિભાવશીલ ખાણ-લેઈંગ કામગીરી માટે સ્વ-સંચાલિત મિકેનિકલ ખાણ સ્તરો (સ્સ્ન્જ), વિવિધ ભૂપ્રદેશો અને ઓપરેશનલ પરિસ્થિતિઓમાં જટિલ મિશન માટે એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (છન્ૐજ), કામગીરી દરમિયાન લડાઈ રચનાઓની ગતિશીલતાને ટેકો આપવા માટે ટ્રોલ ટેક્ર, વિવિધ ભૂપ્રદેશોમાં સૈનિકોને સંયુક્ત ક્રોસિંગ પ્રદાન કરવા માટે સર્વત્ર બ્રિજ સિસ્ટમ માટે મંજૂરી આપવામાં આવી હતી.ભારતીય નૌકાદળને અરુધ રડાર માટે મંજૂરી મળી

ભારતીય નૌકાદળને વિવિધ નૌકાદળ હવાઈ મથકો પર હાલના એર રૂટ સર્વેલન્સ રડારને બદલવા માટે અરુધ રડાર માટે મંજૂરી મળી, મરીન ગેસ ટર્બાઇન (સ્જ્) વિદેશી વિક્રેતાઓ પર નિર્ભરતા ઘટાડવા માટે સ્વદેશી યુદ્ધ જહાજ પ્રોપલ્શન સિસ્ટમ્સની ડિઝાઇન, વિકાસ અને ત્યારબાદ ખરીદી.



## હિન્દુ માત્ર ધર્મ નહીં, જીવન અને દુનિયાને સમજવાનો દ્રષ્ટિકોણ છે:મોહન ભાગવત

(સંપૂર્ણ સમાચાર સેવા) લંડન, તા.૭ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રમુખ મોહન ભાગવતે લંડનમાં એક સભાને સંબોધિત કરતાં 'હિન્દુ' શબ્દ અને તેની સભ્યતાના સારને ખૂબ જ સરળ અને ઊંડાણપૂર્વક સમજાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કહ્યું કે, હિન્દુને માત્ર એક ધર્મ અથવા કોઈ ચોક્કસ ભૂગોળની સીમામાં બાંધીને જોઈ શકાય નહીં. હકીકતમાં, હિન્દુ એક વ્યાપક સાંસ્કૃતિક અને સભ્યતાગત ઓળખ છે. આ જીવન, અસ્તિત્વ અને સમગ્ર દુનિયા સાથેના આપણા સંબંધને સમજવાનો એક ખાસ દ્દષ્ટિકોણ છે. લંડનના એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું કે, ભારતીય અને હિન્દુ વિચારધારાની સૌથી મોટી તાકાત એ માનવું છે કે વિવિધતા અને એકતા બંને એકસાથે રહી શકે છે. તેમણે સમજાવ્યું કે દુનિયામાં અલગ-અલગ લોકો, વિચારો અને સંસ્કૃતિઓ હોવી ખૂબ સ્વાભાવિક છે. આ બધા તફાવતો ખરેખર એક જ મૂળ સત્યના અલગ-અલગ રૂપ અને શણગાર છે.

ભાગવતે ભારપૂર્વક કહ્યું કે આપણે બહારની વિવિધતાને સ્વીકારતા ક્યારેય એ ભૂલવું જોઈએ નહીં કે અંદરથી આપણે બધા એક છીએ. સંઘ પ્રમુખે દુનિયામાં વધી રહેલા ટકરાવો અંગે વાત કરતાં કહ્યું કે, જ્યારે માણસ બીજાને દુશ્મન માનવાનું બંધ કરી દે છે, ત્યારે વિવાદો સરળતાથી ઉકેલી શકાય છે. કોઈને દબાવવા, હરાવવા અથવા પોતાની વિચારધારા થોપવાને બદલે સમાજે સાથે મળીને આગળ વધવાનો રસ્તો શોધવો જોઈએ. તેમણે કહ્યું કે મૂળભૂત રીતે માણસની જરૂરિયાતો અને લક્ષ્યો એકસરખા છે,

તેથી સવાલ એ ન હોવો જોઈએ કે બીજાને કેવી રીતે પાછળ રાખવો, પરંતુ એ હોવો જોઈએ કે સૌ સાથે મળીને સામાન્ય લક્ષ્યો કેવી રીતે હાંસલ કરી શકાય.મોહન ભાગવતે આ સામાન્ય માન્યતાને પણ નકારી કાઢી કે એકતા માટે સૌનું એકસરખું દેખાવું અથવા વિચારવું જરૂરી છે. તેમણે કહ્યું કે, હિન્દુ સભ્યતા સૌને એક જ બીબામાં ઢાળવાનો પ્રયાસ નથી કરતી, કારણ કે એકતા માટે એકરૂપતાની જરૂર જ નથી.

## LPG સિલિન્ડરના રિફિલ બુકિંગની મુદતમાં મોટો ઘટાડો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૭
ઈરાન-અમેરિકા વચ્ચે ખાડી યુદ્ધ અને હોર્મુઝ સંકટના કારણે અટકેલા ગેસ પુરવઠાને પગલે સરકારે ગેસ સિલિન્ડર સંબંધિત ઘણા નિયમો બદલી નાખ્યા હતા. સિલિન્ડરની કિંમતથી લઈને બુકિંગ સુધી અનેક ફેરફારો થયા હતા. હવે કેન્દ્ર સરકારે ફરી એકવાર LPG સિલિન્ડર સંબંધિત નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે સિલિન્ડર રિફિલિંગની મુદત ફરીથી ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરી દીધી છે. કેન્દ્ર સરકાર દ્વારા LPG રિફિલ બુકિંગનો સમયગાળો ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરી દેવામાં આવ્યો છે. આ ફેરફાર ગ્રામીણ વિસ્તારો માટે કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પ્રવાસન રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ આ અંગે માહિતી

**હવે ગ્રામીણ વિસ્તારોમાં રિફિલ બુકિંગની મુદત ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરવામાં આવી છે**

આપતાં જણાવ્યું હતું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ(OMCs)ને આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના આ નિર્ણય બાદ હવે શહેરોની જેમ ગામડાઓમાં પણ સિલિન્ડર રિફિલ બુકિંગની મુદત ૨૫ દિવસની રહેશે. એટલે કે એક બુકિંગ પછી બીજી બુકિંગ વચ્ચે ૨૫ દિવસનું અંતર હોવું જોઈએ.

ખાડી યુદ્ધના કારણે સરકારને ગામડાઓ માટે સિલિન્ડર રિફિલિંગની મુદત વધારીને ૪૫ દિવસ કરવી પડી હતી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ બાદ LPG સપ્લાય પર દબાણ હતું. ધીમે ધીમે પુરવઠાની સ્થિતિ સુધર્યા બાદ સરકાર સામાન્ય જનતાને રાહત આપી રહી છે.

ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર રહે છે. ભારત પોતાની જરૂરિયાતનો ૬૦ ટકા હિસ્સો આયાત કરે છે. આયાત સંકટના કારણે ક્રૂડ કંપનીઓ દ્વારા સિલિન્ડરના ભાવ પણ વધારવામાં આવ્યા હતા અને બુકિંગના નિયમો પણ બદલવામાં આવ્યા હતા. જો કે, સ્થિતિ સુધારા પર આવ્યા બાદ છેલ્લા બે મહિનામાં બીજી વખત કોમર્શિયલ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થયો છે.

સપ્ટેમ્બરમાં ૧૯ કિલોવાળા સિલિન્ડરની કિંમતમાં ૯.૫૦થી ૧૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો. આ પહેલા ઑગસ્ટમાં ૧૯૨ રૂપિયાથી લઈને ૨૦૯ રૂપિયા સુધી અને જુલાઈમાં ૧૮૩ રૂપિયા ભાવ ઘટાડવામાં આવ્યા હતા.

## નેપાળમાં તબાહીના ૧૩મા દિવસે રાષ્ટ્રીય શોક જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા) કાઠમંડુ, તા.૭ : નેપાળમાં આવેલી ભયાનક પૂરની હોનારતને સોમવારે ૧૩ દિવસ પૂરા થયા છે, જેણે હજારો પરિવારના જીવન અસ્તવ્યસ્ત કરી દીધા છે. ૨૬ ઑગસ્ટે આવેલા અચાનક પૂરમાં અત્યાર સુધીમાં ૧૩૪૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે આશરે ૫,૦૦૦ લોકો હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનાના ૧૩મા દિવસે સમગ્ર નેપાળમાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.નેપાળ સરકારે ૭ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય શોકનો દિવસ જાહેર કર્યો છે. સરકારી કચેરીઓથી લઈને વિદેશમાં આવેલા નેપાળી દૂતાવાસ પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. હિન્દુ પરંપરામાં નિધન બાદ ૧૩મો દિવસ શોક માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, તેથી સરકારે ૧૩મા દિવસે રાષ્ટ્રીય શોક રાખવાનો નિર્ણય લીધો હતો. ૨૬ ઑગસ્ટે ચીન સરહદ નજીક આવેલા રસૂવા વિસ્તારમાં હિમાલય પરથી બરફ અને ખડકો ખસવાને કારણે અચાનક પૂર આવ્યું હતું. આ પૂરની અસર રસૂવા ઉપરાંત નુવાકોટ, ધાદિંગ સહિતના અનેક વિસ્તારોમાં જોવા મળી હતી.

ભોટેકોશી અને ત્રિશૂલી નદીના કાંઠે ભારે વિનાશ સર્જાયો હતો. આ હોનારતમાં ૩૨ હજારથી વધુ પરિવાર વિસ્થાપિત થયા છે અને આશરે ૭,૫૦૦ ઘરો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે. આ સિવાય હાઈડ્રોપાવર પ્રોજેક્ટ અને સરકારી ઈમારતો ધ્વસ્ત થઈ ગયા છે.સૌથી મોટી ચિંતા હજુ પણ પૂર પછી ગુમ થયેલા ૫,૦૦૦ લોકોને લઈને છે, જેમાં ૫૮૯ વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. કાટમાળ વચ્ચે અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટની ટનલોમાં ફસાયેલા લોકોને શોધવા માટે નેપાળી સુરક્ષા દળો સાથે વિદેશની નિષ્ણાત ટીમો કાર્યરત છે. ભારતની નિષ્ણાત ટીમ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી કરી રહી છે.

## રાજ્યમાં ફરી મેઘરાજા ધમાકેદાર ઈનિંગ જામશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૭
આગામી દિવસોમાં ગુજરાતમાં ફરી વરસાદી માહોલ બરાબરનો જામવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના અનુમાન મુજબ, આગામી ૧૦ સપ્ટેમ્બરની આસપાસ સમુદ્ર પર એક મજબૂત હવામાન સિસ્ટમ આકાર લેશે, જેનો સીધો માર્ગ ગુજરાત તરફ રહેવાની શક્યતા છે. આ સિસ્ટમના પ્રભાવ હેઠળ ૧૨થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં, ખાસ કરીને મધ્ય ગુજરાતમાં મેઘરાજા ભારેથી અતિભારે ધોધમાર બેટિંગ કરી શકે છે.અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, મધ્ય ગુજરાતના અમદાવાદ, વડોદરા અને આણંદ સહિતના વિસ્તારોમાં વરસાદનું જોર સૌથી વધુ જોવા મળશે. આ વિસ્તારોમાં કેટલાક સ્થળે ૩ ઈંચ કે તેથી પણ વધુ વરસાદ ખાબકી શકે છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં ભારે વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે, જ્યારે પંચમહાલના કેટલાક વિસ્તારોમાં પણ ભારે વરસાદી માહોલ સર્જાશે. દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી સિસ્ટમની વ્યાપક અસર જોવા મળશે. અહીં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે અમુક સ્થળોએ ૪ ઈંચ કે તેથી વધુ ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટાં પડે તેવી વકી છે, જેમાં ખાસ કરીને દ્વારકા, પોરબંદર અને જામનગરમાં સારા વરસાદની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

બીજી તરફ કચ્છના કેટલાક ભાગોમાં પણ હળવા-મધ્યમ ઝાપટાં ચાલુ રહેશે. વરસાદની સાથે સાથે આગામી દિવસોમાં તાપમાનમાં પણ ભારે વધઘટ જોવા મળશે. અનુમાન પ્રમાણે ૧૩ સપ્ટેમ્બર બાદ ગરમી અને બફારાનું પ્રમાણ વધશે, જોકે તેની વચ્ચે પણ વરસાદી છાંટા ચાલુ રહેશે. અમદાવાદઃ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં હાલ એક સાથે ત્રણ-ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય છે,

છતાં ૪થી ૧૦ સપ્ટેમ્બર સુધી માત્ર છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની જ આગાહી કરવામાં આવી છે. છેક બંગાળની ખાડીથી બનેલી સિસ્ટમ ગુજરાત નજીક પહોંચવા છતાં વરસાદ ન પડતા ખેડૂતો અને નાગરિકોમાં નિરાશા વ્યાપી ગઈ છે. નોંધનીય છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૬% વરસાદની ઘટ નોંધાઈ છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું છે કે રાજ્યમાં હાલ ત્રણ સિસ્ટમ સક્રિય છે, એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ હાલ સક્રિય બન્યું છે.

## ઈરાનની હવે દક્ષિણ કોરિયાને કડક ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા) તેહરાન, તા.૭ : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પશ્ચિમ એશિયામાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના દેશોને ચેતવણી આપી છે કે જે દેશો ઈરાનને મદદ કરશે તેમણે ભારે પરિણામો ભોગવવા પડશે. આ વૈશ્વિક દબાણ વચ્ચે ઈરાને હવે ખુલ્લેઆમ દક્ષિણ કોરિયા(રિપબ્લિક ઑફ કોરિયા)ને ચેતવણી આપી છે કે જો તેણે પર્સિયન ગલ્ફમાં અમેરિકાના સૈન્ય અભિયાનોને સમર્થન આપ્યું તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વિગતવાર પોસ્ટ શેર કરીને દક્ષિણ કોરિયાને પોતાની સૈન્ય ગતિવિધિઓથી દૂર રહેવા સ્પષ્ટ સંકેત આપ્યો છે. પોતાની પોસ્ટમાં ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું હતું કેઃ "ઈરાન અને કોરિયા ગણરાજ્ય વચ્ચેના સંબંધો ૬૪ વર્ષથી પણ વધુ જૂના છે અને બંને દેશો વચ્ચેના સંબંધો હંમેશાં પરસ્પર સન્માનના આધારે વિકસિત થયા છે. ઈરાન, કોરિયા સાથેના પોતાના મૈત્રીપૂર્ણ સંબંધોને ઘણું મહત્ત્વ આપે છે.

જોકે, હાલમાં ઈરાનના લોકો અમેરિકાની આક્રમક કાર્યવાહીઓનો સામનો કરી રહ્યા છે. આવા સંજોગોમાં જ્યારે તેઓ મહિલાઓ અને બાળકો સામેના અમેરિકી યુદ્ધ અપરાધોનો મક્કમતાથી જવાબ આપી રહ્યા છે, ત્યારે પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટમાં અન્ય કોઈપણ દેશની સૈન્ય હાજરી કે ત્યાંના મિલિટરી ઓપરેશન્સમાં ભાગીદારીને સીધા આક્રમણકારોનો સાથ આપવા સમાન જ ગણવામાં આવશે અને તેના અત્યંત ગંભીર પરિણામો આવશે."

ઈરાની પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું કે કોઈપણ સાર્વભૌમ અને જવાબદાર રાષ્ટ્રે અમેરિકાના દબાણ અને ધમકીઓ સામે ઝૂકવું ન જોઈએ.

તેમણે જણાવ્યું કે અન્ય દેશોએ ઈરાની પ્રજા વિરુદ્ધ અમેરિકા દ્વારા કરવામાં આવી રહેલી આક્રમક સૈન્ય કાર્યવાહીઓ અને ભયાનક અપરાધોમાં ભાગીદાર બનવાથી બચવું જોઈએ.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયેલના ગઠબંધન દ્વારા ઈરાન પર હુમલાની શરૂઆત કરવામાં આવી હતી, જેને હવે ૬ મહિનાથી વધુ સમય વીતી ચૂક્યો છે.

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

## પ્રાસોલ કેમિકલ્સ લિમિટેડનો આઈપીઓ ૮ સપ્ટે.ના રોજ ખુલશે



સુરત, તા. ૦૭ : -ાસોલ કેમિકલ્સ લિમિટેડ તેના રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ મંગળવાર, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઇન્વેસ્ટર માટે બિડીંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે સોમવાર, ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ગુરુવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. ઓફર માટેનો પ્રાઇઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૬૪૩થી રૂ. ૬૭૬ નક્કી કરવામાં આવ્યો છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૨ છે. બિડ ઓછામાં ઓછા ૨૨ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૨૨ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. આ ઓફરમાં રૂ. ૮૦૦.૦૦ મિલિયન સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૪,૨૦૦.૦૦ મિલિયન સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે.

આમ, ઓફરનું કુલ કદ રૂ. ૫,૦૦૦.૦૦ મિલિયન છે. કંપની ઓફરમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ ચોક્કસ લોન અને અન્ય ઉધારની ચુકવણી તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત ધરાવે છે. કંપનીની સ્પેશિયાલિટી કેમિકલ્સ ઉદ્યોગમાં ૩૩ વર્ષથી વધુનો અનુભવ છે.

## મણિપાલ પેમેન્ટ એન્ડ આઇડેન્ટિટી સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ ૯ સપ્ટે.ના રોજ ખુલશે

સુરત, તા. ૦૭ : મણિપાલ પેમેન્ટ એન્ડ આઇડેન્ટિટી સોલ્યુશન્સ લિમિટેડે (એમપીઆઈએસએલ) તેના આઈપીઓની વિગતો જાહેર કરી છે. આઈપીઓ માટેની બિડીંગ પ્રક્રિયા બુધવાર, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શરૂ થશે અને શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર માટે બિડીંગની તારીખ મંગળવાર, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. ઈશ્યૂનો -ાઇઝ બેન્ડ -તિ ઈક્વિટી શેર રૂ. ૩૨૨થી રૂ. ૩૩૯ નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૪૪ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. આ ઓફરમાં રૂ. ૩૨૦ કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર મણિપાલ ટેક્નોલોજીસ લિમિટેડ દ્વારા ૧,૪૩,૦૬,૭૮૫ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ઈશ્યૂના ઈક્વિટી શેરને બીએસઈ અને એનએસઈ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઈશ્યૂ માટે બીએસઈ લિમિટેડ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ રહેશે. એમપીઆઈએસએલ વિશ્વભરની બેંકો, ફિનટેક કંપનીઓ, એનબીએફસી અને સરકારોને પેમેન્ટ સોલ્યુશન્સ, આઇડેન્ટિફિકેશન સોલ્યુશન્સ, સુરક્ષિત સોલ્યુશન્સ તેમજ સ્માર્ટ ટેગિંગ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી) સોલ્યુશન્સ પૂરા પાડે છે.

## એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડનો આઈપીઓ ૯ સપ્ટે.ના રોજ ખુલશે



સુરત, તા. ૦૭ : એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ બુધવાર, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેરનો આઈપીઓ શરૂ કરવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઇન્વેસ્ટર માટે બિડીંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.ઈક્વિટી શેર BSE અને NSE પર લિસ્ટ કરવાની યોજના છે. આ ઈશ્યૂ માટે એનએસઈ લિમિટેડને ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ તરીકે નિયુક્ત કરવામાં આવશે. ઓફર માટેનો પ્રાઇઝ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર માટે રૂ. ૧૩૨થી રૂ. ૧૩૯ નક્કી કરવામાં આવ્યો છે. બિડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા ૧૦૭ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૧૦૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

## રેન્ટોમોજો લિમિટેડનો આઈપીઓ ૯ સપ્ટે.ના રોજ ખુલશે




સુરત, તા.૦૭ : રેન્ટોમોજો લિમિટેડ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર બુધવાર,૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૩૮૪થી રૂ. ૪૦૪ નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુતમ ૩૭ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૭ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ મંગળવાર, ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રહેશે. બિડ/ઓફર બુધવાર, ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે. ઓફરમાં રૂ. ૧,૫૦૦ મિલિયન (રૂ. ૧૫૦ કરોડ) સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ અને ૨,૭૩,૬૫,૫૨૯ સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની નો સમાવેશ થાય છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧ છે. આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેર્સને સ્ટોક એક્સચેન્જીસ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુઓ માટે એનએસઈ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ રહેશે.

## ગુંજન- હાઉસિંગ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ કરનારાઓને નોટીશ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૭ :** વાપી જીઆઈડીસીના ગુંજન વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના રહેણાંક વિસ્તારમાં કરવામાં આવેલા અનધિકૃત બાંધકામો સામે ગુજરાત હાઉસિંગ બોર્ડ, સુરત દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બોર્ડ દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરનારાઓને નોટિસ પાઠવી તેમજ ગેરકાયદે બાંધકામ ઉપર નોટિસ લગાવી સાત દિવસમાં પોતાના ખર્ચે તમામ અનધિકૃત બાંધકામ દૂર કરી સ્થળ ખાલી કરવા તાકીદ કરવામાં આવી છે.

વાપી જીઆઈડીસીના ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કામદારો તેમજ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા ગુંજન કોલોનીમાં રહેણાંક આવાસો ફાળવવામાં આવ્યા હતાં. જોકે, કેટલાક આવાસોમાં રહેણાંક હેતુના બદલે કોમર્શિયલ ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો હોવાનું તેમજ મકાનોના ભોંયતળિયે પરવાનગી વિના વધારાનું બાંધકામ કરી દુકાનો ઊભી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

ગુજરાત હાઉસિંગ બોર્ડના આવાસ યોજનાનાના વાપી જીઆઈડીસી ગુંજન મુખ્ય માર્ગથી પ્રાઈમ હોટલ અને મોરારજી સર્કલ સુધીના તેમજ હાઉસિંગ બોર્ડની સોસાયટીમાં આવેલ અનેક મકાનોમાં મંજૂર નકશા મુજબ સ્થાનિક સત્તામંડળની મંજૂરી અને જરૂરી રજા ચિઠ્ઠી મેળવ્યા વિના કરવામાં આવેલા બાંધકામને અનધિકૃત ગણાવી બોર્ડ દ્વારા નોટિસ આપવામાં આવી છે.

નોટિસમાં સાત દિવસની અંદર તમામ ગેરકાયદેસર બાંધકામ પોતાના ખર્ચે દૂર કરી, માલસામાન અન્યત્ર ખસેડી સ્થળ ખાલી કરવા જણાવાયું છે. હાઉસિંગ બોર્ડની આ કાર્યવાહીના પગલે ગુંજન વિસ્તારમાં ગેરકાયદે દુકાનો અને બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. જોકે અનેક બિલ્ડીંગો જર્જરીત અવસ્થામાં આવી જવા પામી છે અને ગ્રાઉન્ડ ફલોર સિવાય ઉપરના માળે કોઈપણ વ્યક્તિ ન રહેતો હોય તેવી પરિસ્થિતિ છે તેમ છતાં ભોય તળિયે કોમર્શિયલ મકાન બનાવ્યા છે. જેને દૂર કરવાની આ કાર્યવાહીથી લોકોમાં ભારે ફફડાટ અને ગભરાટ નો માહોલ પણ ફેલાયો છે.

## વલસાડ પાલિકામાં સ્ટ્રીટ લાઈટ ખરીદીમાં મોટો ભ્રષ્ટાચાર !

### ૭૦ વોટની લાઈટનો ભાવ ૫,૬૫૬ અને ૩૬ વોટની લાઈટ ૩,૨૫૦માં મંજૂર : સુરતની એજન્સીને અપાયો લાખોનો ઓર્ડર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ નગરપાલિકા લાઈટ શાખા દ્વારા ૨૦૨૫ - ૨૬ માટે મંજૂર કરાયેલું ઈલેક્ટ્રીક સામાનનો ભાવ સુરતની ગોપાલ કન્સ્ટ્રકશન નામની એજન્સીને આપવામાં આવેલા વર્ક ઓર્ડરમાં બજાર ભાવ કરતાં ચાર ગણા ઊંચા ભાવે ખરીદવામાં આવી રહી છે.

સામાન્ય બજાર ભાવ ૭૦ વોટ LED લાઈટ ૫૦ નંગ ૫,૬૫૬ ૪ ગણો વધુ, ૩૬ વોટ LED લાઈટ (ક્રોમ્પ્ટન/બજાજ/હેવેલ્સ/વિપ્રો)૧૨૫ નંગ ૩,૨૫૦/-૭૦૦થી ૯૦૦ ૪ ગણો વધુ છે. ૩૪.૦૦ સ્ક્વેર MM કેબલ ૩૦ બંડલ ૩,૬૦૦ પ્રતિ બંડલ બજાર ભાવ કરતાં વધુ હોવાથી શંકાસ્પદ છે.PCB 36 W75 નંગ ૫૦૦ પ્રતિ નંગ—ઊંચા દર, W75 નંગ ૫૦૦ પ્રતિ નંગ—ઊંચા દર રાખવામાં આવ્યા છે. બજાર ભાવ કરતાં ૩૦૦ ટકાથી ૪૦૦ ટકા વધુ રકમ કેમ રાખવામાં આવ્યા છે. જોકે ૭૦ વોટની બ્રાન્ડેડ LED લાઈટ બજારમાં ખુલ્લા વેપારી પાસેથી ૧,૫૦૦ સુધીમાં મળી રહેતી હોય, તેના માટે પાલિકાની તિજોરીમાંથી ૫,૬૫૬ ચૂકવવાની મંજૂર મળતા જે અંગે નો નગરપાલિકાના સભ્યો દ્વારા સોશિયલ મીડિયામાં ભાવ પત્રકનો પર્દાફાશ થતાં શહેરીજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

વલસાડ નગરપાલિકા ફરી એકવાર વિવાદના વમળમાં સપડાઈ છે. પાલિકાની લાઈટ શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મંજૂર કરવામાં આવેલા ઈલેક્ટ્રિક સામાનના ભાવોને લઈને સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રૂપોમાં એક સનસનાટીભરી વિગતો વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. પાલિકાના સત્તાવાર વર્ક-ઓર્ડરમાં કારોબારી સમિતી ઠરાવ નં.૨૦૮, તા.૧૧/૧૧/૨૦૨૫ મુજબ કુલ ૮,૭૩,૦૦૦ના માલસામાનનો ઓર્ડર આપવામાં આવ્યો છે. જોકે આ લાઈટના સામાન ખરીદીનો ભાવ નીચો હોવા તેમ છતાં ઓર્ક ઓર્ડરમાં બજાર કરતા ઊંચો ભાવ લેવા પાછળ કોના કોના કેટલા ટકા સાથેનો ભાગ રાખવામાં આવ્યો અને મોટો ભ્રષ્ટાચાર થયાની ગંધ આવતા શહેર ભરમાં ચર્ચાનો વિષય બને છે. ૭૦ વોટ LED લાઈટ ૫૦ નંગ ૫,૬૫૬ ૧,૨૦૦ થી ૧,૫૦૦ ૪ ગણો વધુ છે.

૩૬ વોટ LED લાઈટ (ક્રોમ્પ્ટન/બજાજ/હેવેલ્સ/વિપ્રો)૧૨૫ નંગ ૩,૨૫૦થી - ૭૦૦થી ૯૦૦ ૪ ગણો વધુ છે. ૩૪.૦૦ સ્ક્વેર MM કેબલ ૩૦ બંડલ ૩,૬૦૦ પ્રતિ બંડલબજાર ભાવ કરતાં વધુ હોવાથી શંકાસ્પદ છે.

કારોબારી સમિતિના ચેરમેન, સભ્યો અને આ વર્ક-ઓર્ડર પર સહી કરનાર જવાબદાર અધિકારીઓએ આટલા તોતિંગ ભાવો મંજૂર કરતાં પહેલાં 'માર્કેટ સર્વે' કેમ કર્યો નથી તેવા સવાલ ઉઠે છે.

જાગૃત નાગરિકો અને વિપક્ષી નેતાઓએ માંગ કરી છે. સમગ્ર ટેન્ડર અને વર્ક-ઓર્ડર પ્રક્રિયાની તાત્કાલિક અસરથી વિજિલન્સ તપાસ કરવામાં આવે, એજન્સી સાથે થયેલા પત્રવ્યવહારની ફાઈલો સીલ કરવામાં આવે, અધિકારીઓ, લાઈટ શાખાના ઈજનેર તેમજ કારોબારી ચેરમેન અને સભ્યો સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરી પ્રજાના નાણાંની રિકવરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## વલસાડ તડકેશ્વર મંદિરે શ્રાવણના છેલ્લા સોમવારે ભક્તોનું ઘોડાપુર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૭ :** પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવાર નિમિત્તે વલસાડ નજીક આવેલા ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા અબ્રામા સ્થિત શ્રી તડકેશ્વર મહાદેવ મંદિરે શિવભક્તોનું વિશાળ ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. પવિત્ર માસના છેલ્લા સોમવારે દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ મેળવવા માટે વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.



શ્રાવણના આ પાવન દિવસે શ્રદ્ધાળુઓએ સ્વયંભૂ શિવલિંગ પર જળ, ગંગાજળ, પંચામૃત અને દૂધનો અભિષેક કરી બિલ્વપત્ર અર્પણ કર્યા હતાં. મંદિરના પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે વિશેષ રુદ્રાભિષેક અને પૂજા-અર્ચના સંપન્ન કરવામાં આવી હતી. ભક્તો દ્વારા કરવામાં આવેલા 'હર હર મહાદેવ' અને 'ૐ નમ: શિવાય'ના ગગનભેદી જયઘોષથી સમગ્ર અબ્રામા પંથક ભક્તિરસમાં તરબોળ થઈ ગયું હતું.

મોટી સંખ્યામાં ઉમટેલી ભીડને ધ્યાને રાખીને મંદિર પ્રશાસન અને સ્થાનિક સેવાભાવી કાર્યકરો દ્વારા દર્શન વ્યવસ્થા, કતારબદ્ધ પ્રવેશ અને પ્રસાદ વિતરણનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

## ભીલાડ નજીકથી ૯.૯ કિલો ગાંજા સાથે ચાર ઝડપાયા




**વાપી, તા.૦૭ :** સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષાના માર્ગદર્શનમાં એસોજી વલસાડના પીઆઈ ડી.ડી. પરમારની રાહબરીમાં પીએસઆઈ વાય.પી. હડીયા તથા સ્ટાફ ભીલાડ વિસ્તારમાં કામગીરી કરી રહ્યા હતાં ત્યારે બાતમી આધારે મોજે તલવાડા, ને.હા.નં.૪૮ મુંબઈથી અમદાવાદ તરફના રોડ ઉપર તલવાડા ઓવરબ્રિજના દક્ષિણ છેડે તા.ઉમરગામ ખાતે વાહન ચેકિંગમાં ચાર ઈસમોને ઝડપી પાડ્યા હતાં. જેમના કબજામાંથી ગેરકાયદેસર ગાંજાનો જથ્થો ૯.૯૬૧ કિલો ગ્રામ કિ.રૂા. ૪,૯૮,૦૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૫ કિ. રૂા.૮૫,૦૦૦/- તથા પાર્સલના ખાલી રેપર અને ગાંજો વાહતુક કરવા ઉપયોગમાં લીધેલ થેલી/બેગ નંગ-૪ મળી કુલ કિ.રૂા. ૫,૮૩,૦૫૦/-નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

પકડાયેલ આરોપીઓમાં મોહમ્મદ મોમિન ઉર્ફે રેહાન ઈસ્લામુદ્દીન મલીક (ઉ.૨૮), રાહુલસિંહ જગતસિંહ જાતે સિંહ (ઉ.૨૬), ખુશુર આલમ ઈશરાફીલ શાહ (ઉ.૨૭) અને સંદીપકુમાર મુન્જુલાલ ગૌતમ (ઉ.૨૬)નો સમાવેશ થાય છે. હાલ તમામ સેલવાસ અને વાપીમાં રહેતા હતાં અને મૂળ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહારના વતની છે. તેઓ વિરુદ્ધ NDPS એક્ટ ૧૯૮૫ની કલમ હેઠળ કાર્યવાહી કરાઈ છે.

વાપી માટે આશાનું કિરણ

## જે-ટાઈપ રેલ્વે બ્રિજ માટે અડચણરૂપ દીવાલ દૂર કરાઈ

### શનિવારે મેગાબ્લોક : ૪ ગાળાનું ૭૨ મીટરનું કામ હવે ઝડપથી પૂરું થશે, ૨ મહિના બાદ લોકાર્પણની શક્યતા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૭ :** વાપીમાં જીઆઈડીસીના જે-ટાઈપથી નામધા રિંગ રોડને જોડતા ૫૦ કરોડના રેલ્વે ઓવરબ્રિજનું કામ મોટાભાગે પૂર્ણ થઈ ગયું હતું. માત્ર રેલ્વે ટ્રેક ઉપર સ્પાન બેસાડવા તથા પશ્ચિમ તરફનું ૭૨ મીટર સ્પાનનું કામ છેલ્લા ૬ મહિના કરતાં વધુ સમયથી અટકેલું હતું, જેને લઈ લોકોમાં નારાજગી હતી.

આ બ્રિજનું કામ રેલ્વેની મેગા બ્લોકની મંજૂરી ન મળવાને કારણે અટક્યું હતું. હવે રેલ્વે તંત્ર દ્વારા મેગા બ્લોકની મંજૂરી મળી જતાં આજથી અડચણરૂપ રેલ્વેની દીવાલ તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આવનાર દિવસોમાં મેગા બ્લોક લઈ ટ્રેક ઉપર સ્પાન ચઢાવવાની કામગીરી કરાશે અને પશ્ચિમ તરફ બાકી રહેલું ૪ ગાળાનું ૭૨ મીટરનું કામ પણ યુદ્ધના ધોરણે પૂર્ણ કરાશે. આ કામ પૂર્ણ થતાં જીઆઈડીસી અને પશ્ચિમ વિસ્તારને જોડતો મુખ્ય માર્ગ ખુલ્લો થશે અને ટ્રાફિક સમસ્યામાં મોટી રાહત મળશે. તંત્ર દ્વારા આગામી બે મહિનામાં આ બ્રિજનું લોકાર્પણ થઈ જશે તેવો આશાવાદ વ્યક્ત કરાઈ રહ્યો છે.

રેલ્વે સૂત્રો દ્વારા જાણવા મળેલી માહિતી મુજબ બ્રીજના કામ અર્થે આગામી શનિવારના રોજ મેગાબ્લોક જાહેર કરવામાં આવ્યો છે. આ બ્લોક દરમ્યાન રેલ્વે ટ્રેક પર સ્પામ ફીટ કરવાનું કામ હાથ ધરવામાં આવશે. આગામી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં કામ પૂર્ણ થઈ જશે તેવી શક્યતા દર્શાવાય રહી છે.

## નાનાપોંઢા-કપરાડામાં વીજ પ્રોજેક્ટમાં જમીનના વળતર માટે ખેડૂતોનું આવેદન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૭ :** નાનાપોંઢા અને કપરાડા તાલુકામાંથી પસાર થતી પાવર ગ્રીડ લાઈનના કારણે ખેતીની જમીન અને પાકને થયેલા નુકસાન સામે રાજ્ય સરકારના નિયમાનુસાર યોગ્ય વળતર ચૂકવવાની માંગ સાથે અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર આપ્યું છે.



નાનાપોંઢા તથા કપરાડા તાલુકાના વિવિધ ગામોમાંથી પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની હાઈ વોલ્ટેજ વીજ લાઈનના ટાવરો ઊભા કરવા - વાયર પસાર થવાને કારણે ખેડૂતોની જમીનો તેમજ ઊભા પાક અને વૃક્ષોને મોટા પાયે નુકસાન પહોંચ્યું હોવાનું જણાવ્યું છે વધુમાં ખેડૂતોએ સરકાર દ્વારા તારીખ ૦૪/૦૭/૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ અસરગ્રસ્તોને જમીન અને પાકનું વળતર ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું હોય છતાં, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડના અધિકારીઓ આ પરિપત્રની જોગવાઈઓ તેમને લાગુ પડતી ન હોવાનું બહાનું બતાવી રહ્યા છે. આજદિન સુધી અસરગ્રસ્ત ખેડૂતોને જમીન કે પાક/વૃક્ષોનું સંપૂર્ણ વળતર ચૂકવવામાં આવ્યું નથી. જેથી જિલ્લા કલેક્ટર તાત્કાલિક નોંધ લે અને સરકારના તાજા પરિપત્ર મુજબ ખેડૂતોને થયેલા નુકસાન તેમજ જમીનનું યોગ્ય વળતર સમયસર ચૂકવાય તે માટે પાવર ગ્રીડ કોર્પોરેશનને જરૂરી હુકમ કરવાની માંગ કરી છે.

## ખેરલાવમાં બાઈક રોકવા મુદ્દે મારામારી : સામસામી ફરિયાદ

**(દમણગંગા ટાઈમ્સપ્રતિનિધિ)**

**પારડી, તા.૦૭ :** ખેરલાવ ગામના વાણિયાવાડ ફળિયામાં બાઈક રોકાવવાના મામલે થયેલી બોલાચાલીમાં અંકિત ઉર્ફે મુન્નો હસમુખભાઈ પટેલને લોખંડના રોડ અને લાકડાના ફટકાથી માર મારી પગમાં ફ્રેક્ચર તથા માથામાં ઈજા પહોંચાડ્યાની ફરિયાદ નોંધાઈ છે. જ્યારે આ ઘટનાના અનુસંધાને ભાવેશ પટેલના પિતા રણછોડભાઈ મોહનભાઈ પટેલે પણ અંકિત સામે તેમના ઘરે આવી ગાળો, જાનથી મારી નાખવાની ધમકી તથા તોડફોડ કર્યાની સામસામે ફરિયાદ નોંધાવી છે. ગામના શિવજી મંદિરે જન્માષ્ટમી નિમિત્તે ભજન કાર્યક્રમ યોજાયો હતો.

આમ બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ થોડા કલાકોમાં મારામારી, ઈજા, ધમકી અને તોડફોડ સુધી પહોંચ્યો હતો. બંને પક્ષો એકબીજા સામે આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવતા સમગ્ર બનાવને લઈને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

No. MAM/SIL/RTS/RBD-DNH/217/Birth/2026/4493 Dated. 22/08/2026

**APPLICANT - Kiran Pal,**
**Presently residing at Flat no. B-208,**
**Siddhivinayak Homes,**
**Solsumba, Opp. Shivam Residency,**
**Umargoan, Dist. Valsad, Gujarat-396170.**
**Mo. 3299898509**
**V/S**
**OPPONENTS - The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Kiran Pal's son, Shivansh Kiran Pal. who was born on 02/10/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Shivansh Kiran Pal. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly

**Sd/-**
**RTS-I**

No.MAM/KNVL/RBD-DNH/201/2026/1164 Dated: 24/08/2026

**APPLICANT - SMT. MEENA MANU NAM,**
**R/o. 150, Nampada, Velugam, DNH**
**Mob.: 9023079865/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Rudana.**

**NOTICE**

The public to take note that applicant Smt. Meena Manu Nam, Wd/Dinesh Kuvra, D/o. Manu Nam, Resident of 150, Nampada, Velugam, DNH has applied for registration of the birth of her son namely Nariman Dinesh Kuvra, who was born on 08/06/2010 at Shelti, Patelpada, DN?. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register birth of her son Nariman Dinesh Kuvra, S/o. Meena Dinesh Kuvra.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector Dadra and Nagar Haveli, Khanvel.**
















Tuesday 08, September 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## નવસારીમાં મોદી દેશમાં પ્રથમ એઆઈ આધારિત 'કમલમ્'નું ઉદ્‌ઘાટન કરશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૭ :** નવસારીમાં આવતીકાલે તા.૮મી સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમનને લઈને સમગ્ર જિલ્લામાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવસારી હાઈવે પર ગ્રીડ નજીક જિલ્લા સંગઠન દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ અને દેશના પ્રથમ એઆઈ આધારિત કાર્યાલય તરીકે તૈયાર કરવામાં આવેલું 'નમો કમલમ'નુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ભવ્ય રીતે લોકાર્પણ સંપન્ન થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે બપોર બાદ નવસારી ખાતે હેલિપેડ પર આગમન થશે. ત્યારબાદ તેઓ 'નમો કમલમ'નું લોકાર્પણ કરી વિવિધ વિભાગોની મુલાકાત લેશે અને ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે.

વડાપ્રધાનના આગમન સમયે આશરે ૧૧૦૦ જેટલી બહેનો પરંપરાગત વેશભૂષામાં કળશ સાથે ઉપસ્થિત રહી તેમનું ભવ્ય સ્વાગત કરશે. જ્યારે ૫૦૦ પુરુષો ડમરુ વગાડીને વડાપ્રધાનનું અભિવાદન કરશે.

નમો કમલમના પરિસરમાં ૩૦ બહેનો ઢોલ ત્રાંસા સાથે વાદન કરી વડાપ્રધાનનું પરંપરાગત રીતે સ્વાગત કરશે.

આ કાર્યક્રમનુ જિલ્લાના ૩૮૯ ગામોમા લાઈવ પ્રસારણ થશે. અંદાજે ૧.૧૫ લાખથી વધુ ગ્રામજનો કાર્યક્રમ લાઈવ નિહાળશે.

### વડાપ્રધાનના હસ્તે કેન્દ્રના રૂ. ૩૨,૬૦૬ કરોડના, રાજ્ય સરકારના રૂ. ૨,૫૯૭ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે

# વડાપ્રધાન મોદી આજે વડોદરા અને નવસારીની મુલાકાતે

## ગુજરાતને કુલ રૂા. ૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે : વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ત્રણ વિભાગોનું લોકાર્પણ : વડોદરા-રતલામ વચ્ચે ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકનું ખાતમુહૂર્ત : NHAI-નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પ્રોજેક્ટ્સ સામેલ

અમારા પ્રતિનિધિ તરફથી,

**અમદાવાદ,તા.૭ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ૮મી, સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં રૂા. ૩૫,૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફલેગ ઑફ કરશે. તેમાં રૂા.૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના તથા રૂા. ૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે. વડોદરા બાદ વડાપ્રધાન મોદી નવસારીની પણ મુલાકાત લેશે. વડાપ્રધાનના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના રૂા. ૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસ કાર્યોમાં નેશનલ હાઈવેઝ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ના રૂા. ૧,૮૪૦.૫૫ કરોડના પ્રોજેક્ટ્સ સામેલ છે.

NHAI હેઠળ ખાતમુહૂર્ત થનારા પ્રોજેક્ટ્સમાં NH-48ના વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું રૂા. ૯૦૭.૩૯ કરોડના ખર્ચે નિર્માણકાર્ય, કામરેજ-ચલથાણ સેક્શનના છ માર્ગીય કેરેજવેનું રૂા. ૬૮૬.૧૫ કરોડનું કામ તથા NH-53 પર આભવા, મીંઢોળા અને ખજોદ જંકશન ખાતે ગ્રેડ સેપરેટેડ સ્ટ્રક્ચર્સનું રૂા. ૧૮૭.૧૧ કરોડના ખર્ચે નિર્માણકાર્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ના-૪૮ પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે રૂા. ૫૯.૯૦ કરોડના ખર્ચે નિર્મિત છ માર્ગીય ફલાયઓવરનું લોકાર્પણ કરવામાં આવશે. ભારતીય રેલવે હેઠળ રૂા. ૩૦,૭૬૬ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે.

રૂા. ૨૦,૭૦૩ કરોડના ખર્ચે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (WDFC)ના ત્રણ વિભાગો (૧) ન્યૂ સાણંદ (N)-ન્યૂ મકરપુરા (૧૩૮ કિ.મી.) (૨) ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે (૮૬ કિ.મી.) અને (૩) ન્યૂ સફાળે-ન્યૂ JNPT (૧૦૨ કિ.મી.)નું લોકાર્પણ કરવામાં આવશે. સાથે જ, રૂા. ૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, અન્ય રેલવે લાઈનોના ગેજ કન્વર્ઝન અને ડબલિંગના કામોનું લોકાર્પણ તેમજ વડોદરા-ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન અને WDFC પર માલગાડીનું ફલેગ ઑફ પણ કરવામાં આવશે.

### રૂા. ૨,૫૯૭ કરોડથી વધુના વિકાસ કાર્યોનું

## ગુજરાત સરકારના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાશે

વડોદરા ખાતે ગુજરાત સરકારના રૂા. ૨,૫૯૭ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગૃહ વિભાગ, IMD-GIDC, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ (RDD), પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગ હેઠળના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. શહેરી વિકાસ વિભાગ હેઠળ ગુજરાતને કુલ રૂા. ૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે. તેમાં રૂા. ૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

## મોદીની નવસારી મુલાકાત : સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૭ :** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નવસારી પ્રવાસને ધ્યાનમાં રાખીને દરિયાઈ સરહદ પર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા તેમજ એસ.પી. એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સોમવારે સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. નવસારી સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. પટેલ અને મરીન કમાન્ડોની સંયુક્ત ટીમોએ ધોલાઈબંદરથી પોંસરી અને બિગરી કોસ્ટલ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. આ દરમિયાન સુરક્ષાના ભાગરૂપે સંવેદનશીલ દરિયાકાંઠે શંકાસ્પદ શખ્સો, વાહનો, બોટો તેમજ અવાવરૂ સ્થળોનું ઝીણવટભર્યું ચેકિંગ હાથ ધરાયું હતું.

ભરતી કરવાની છે


વાપી - છરવાડા ખાતે આવેલ "3" Star ભારતીબા વિલા કલબ એન્ડ રીસોર્ટ પ્રા.લી ખાતે Accountant ની ભરતી કરવાની છે. ઉમેદવાર ને Tally અને Account આવડતું હોવું જોઈએ

Contact: 9879463248 / 9726609629

## ઉપરાષ્ટ્રપતિની દમણ મુલાકાતની શક્યતા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૭ :** ભારતના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનની ૧૧ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની અપેક્ષિત મુલાકાત માટે વહીવટીતંત્ર તૈયારીઓ કરી રહ્યું છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની સૂચિત મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ નવા દમણમાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરે તેવી અપેક્ષા છે. તેઓ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કરે અને અધિકારીઓ પાસેથી તેમની પ્રગતિ વિશે પૂછપરછ કરે તેવી અપેક્ષા છે.એવું જાણવા મળ્યું છે કે ઉપરાષ્ટ્રપતિના પ્રવાસ કાર્યક્રમમાં દાદરા અને નગર હવેલી અને દીવની મુલાકાતોનો સમાવેશ થાય તેવી શક્યતા છે. જોકે, પ્રવાસનું અંતિમ સમયપત્રક હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું નથી.

સંભવિત મુલાકાતને ધ્યાનમાં રાખીને, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રે સ્વાગત અને સુરક્ષા વ્યવસ્થા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. વહીવટી અધિકારીઓ પ્રસ્તાવિત કાર્યક્રમ માટે વિવિધ સ્તરે વ્યવસ્થાઓને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૮ જિલ્લાઓ અમદાવાદ, અમદાવાદશહેર, બોટાદ, દાહોદ, દેવભૂમિ-દ્વારકા, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વલસાડ, વાવ-થરાદ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૪ જિલ્લાઓ ભાવનગર, મહીસાગર, પંચમહાલ, વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર/મકાઇ | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર/મકાઇ | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ અમરેલી, ગીર સોમનાથ માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી/જુવાર | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી/જુવાર | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| કોષ્ટક-૪ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૧૧ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, ડાંગ, ખેડા, મહેસાણા, નર્મદા, સાબરકાંઠા, તાપી માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઇ/બાજરી | કાર્ડદીઠ ૫ કિ.ગ્રા | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | મકાઇ/બાજરી | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |

સપ્ટેમ્બર -૨૦૨૬ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી."
- રમણભાઈ સોલંકી, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

## પદ્મભૂષણ શ્રી રજ્જુભાઈએ વીઆઈએ ઓડિટોરિયમની મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** આજે વાપી વિઆઈએના પ્રથમ પ્રમુખ અને યુપીએલના સ્થાપક તેમજ પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ વાપીની મુલાકાતે આવ્યા હતાં. તે દરમિયાન તેઓએ વાપી જીઆઈડીસીના શ્રી કનુભાઈ દેસાઈ વીઆઈએ ઓડિટોરિયમની ખાસ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમની સાથે વીઆઈએના પ્રમુખ અને વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વીઆઈએના એડવાઈઝર બોર્ડના મેમ્બર મિલનભાઈ દેસાઈ, યોગેશભાઈ કાબરીયા, કલ્યાણજી બેનરજી, વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન મગનભાઈ સાવલિયા, કલ્પેશભાઈ વોરા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## આમધરાની ડેરીમાં દૂધ લેવાની ના પાડતાં હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૭ :** ચીખલી તાલુકાના આમધરા ગામ મોટી કોળી વાડ ખાતે મહિલા સંચાલિત દૂધ મંડળીની ડેરીમાં મંત્રી તરીકે ફરજ બજાવતી મીનાબેન પટેલે ગામમાં રહેતા હસમુખભાઈ રવજીભાઈ કોળી પટેલે એક વર્ષ પહેલા દુધના ફેટ બાબતે બોલાચાલી કરી ઝઘડો કરેલ જેના કારણે હસમુખભાઈ પટેલનું ડેરીમાં દૂધ લેવાનું બંધ કરી દીધું હતું જે અદાવત રાખી ડેરીની મંત્રી મીનાબેન પટેલ ના પતિ બળવંતભાઈ મંગાભાઈ કોળી પટેલ રવિવારે સાંજના સમયે ડેરીમાં કામ પતાવીને રોડ ઉપર ઉભા હતા તે દરમિયાન હસમુખભાઈ કોળી પટેલે જણાવેલ કે મારું ડેરીમાં દૂધ લેવાનું કેમ બંધ કરી દીધું છે જે અદાવત રાખી હસમુખભાઈ પટેલે બળવંતભાઈ ને હાથમાં રાખેલ લાકડા ના સપાતા મારી દેતા બળવંતભાઈ ને કાનના ભાગે ઈજા પહોંચી હતી. અને મને કેમ મારો છો એમ કહેતા હસમુખભાઈએ લાકડાના સપાતા મારવાનું ચાલુ રાખ્યું હતું. દરમિયાન ગામના એક યુવાન વચ્ચે પડી હસમુખભાઈ પટેલને ઘરે લઈ ગયા હતા. ઈજા પામેલ બળવંતભાઈ પટેલને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત વર્તાઈ હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**